સુવિચાર
સદ્ગુણોનું આખે આખું વૃક્ષ જો આપ ઈચ્છતા હો તો પ્રેમના મૂળને પહેલા પોષણ આપો.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૫/૦૯/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ભાદરવા સુદ-૧૨ વર્ષ : ૧૫ અંક : ૨૩૨

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

ઈમરજન્સી સારવાર
24/7 Emergency Services
એપોઈન્ટમેન્ટ માટે 99782 23000
હૃદયરોગ - બીપી
શ્વાસ દમ ન્યુમોનિયા
પક્ષઘાત - પેરાલીસીસ - આંચકી
ડાયાબીટીસ - કીડની
લીવરની તકલીફ વગેરે
ડો. રાજન કકૈયા (એમ.ડી.) કન્સલટન્ટ ફીજીશ્યન
વિશેષ સુવિધા આયુષ્યમાન કાર્ડ ધારકોને ફ્રી સારવાર
કેશલેશ મેડીકલેઈમ સુવિધા
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,૯૯૭૮૨ ૨૩૦૦૦

## વાયબ્રન્ટ અને ગતિશીલ ગુજરાતમાં પરિસ્થિતિ અતિ ગંભીર બની રહી છે

# ચલાલામાં પાલિકાનાં લાખો રૂપિયાનાં વાહનો સડી રહ્યા છે

- જનતા જનાર્દન જાતિ-જ્ઞાતીનાં નામે છેતરાઈને મત આપતી હોવાથી સત્તા પક્ષને જનતાની કોઈ ચિંતા જ નથી
- જનતા જનાર્દનાં પરસેવાનાં પૈસાથી ખરીદાયેલ વાહનો સડી ગયા પણ કશી જ કાર્યવાહી થતી નથી
- વિપક્ષની હાલત અતિ દયનીય હોવાથી સત્તાપક્ષને હવે મતદારોની કોઈ ચિંતા નથી
- કોંગ્રેસ પક્ષ જિલ્લામાં કુંભકર્ણની નિંદ્રામાં પોઢી ગયો હોવાથી જનતા પરેશાન



ચલાલા, તા. ૧૪
૪૦ હજારની માનવવસ્તી ધરાવતાં ચલાલાનાં શહેરીજનો અનેક મુસીબતો સામે ઝઝુમી રહ્યાં છે. ત્યારે શહેરની જનતાને દુષ્કાળમાં અધિક માસ હોય તેવી ગંભીર પરિસ્થિતિનું નિર્માણ થયું છે. કેમ કે હાલમાં ચોમાસાની સિઝનમાં વરસાદ વરસી રહ્યો છે ત્યારે નગર પાલિકા હસ્તક નાં જે.સી.બી., જેટીંગ મશીન, વેકયુમ, છોટા હાથી, ટ્રેકટરો જેવા દરેક સફાઈ માટેનાં લગભગ દરેક વાહનો બિલકુલ બંધ હાલતમાં છે. ત્યારે શહેરમાં યોગ્ય રીતે સફાઈ ન થતાં શહેરનાં મુખ્ય માર્ગો, ગલી, ખાચાઓ, શહેરનાં વોકળાઓ, નાળાની યોગ્ય સફાઈ ન થતાં મચ્છરનો ઉપદ્રવ વધતાં જનતા ત્રાહીમામ પોકારી ઉઠી છે. ત્યારે મચ્છરજન્ય મેલેરિયા, ડેન્ગ્યુ, ડાયેરીયા જેવાં રોગોનો ઉપદ્રવ વધે ત્યારે મચ્છરનો નાશ કરવા અતિ ઉપયોગી, અતી આધુનિક ફોગીંગ મશીન જેવાં અતિ ઉપયોગી મશીન પણ બંધ હાલતમાં હોવાથી તથા ચલાલા શહેરમાં

અનુસંધાન પાના ૬ ઉપર

## પાલિકાની વોટરવર્કસ શાખાનો વહીવટ કંગાળ સ્થિતિમાં

# અમરેલીનાં હનુમાનપરામાં આવેલ ‘‘ધરતીપાર્ક’’માં પાલિકા દ્વારા વિતરણ થતું પીવાનું પાણી દુર્ગંધ યુકત

## લાયક ઈજનેરનાં અભાવે પાણી વિતરણ કાર્યમાં દે ધનાધન



અમરેલી, તા. ૧૪
અમરેલી પાલિકાનાં વર્તમાન શાસકો શહેરીજનોની સુખાકારી કરવામાં સદંતર નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે. રખડતા પશુઓ, બંધ સ્ટ્રીટલાઈટ, બિસ્માર માર્ગો, જાહેર માર્ગો પર દબાણ જેવી સમસ્યાનું નિરાકરણ થતું નથી.

દરમિયાનમાં વોટરવર્કસ શાખામાં લાયક ઈજનેરનાં અભાવે પીવાનું પાણી પણ શુધ્ધ વિતરણ થતું નથી અને હનુમાનપરામાં આવેલ "ધરતીપાર્ક" વિસ્તારમાં દુર્ગંધયુકત પાણી વિતરણ થતાં સ્થાનિકોનાં આરોગ્ય પર ગંભીર ખતરો ઉભો થયો હોય નાયબ દંડકે આ મામલે દરમિયાનગીરી કરવી જરૂરી બની છે.

## દયાબેન વિજયભાઈ રોજાસરા નામની

# બાબરાનાં કર્ણુકી ગામે રહેતી પરિણીતાએ ગળાફાંસો ખાઈ લીધો

## રહેણાંક મકાનની છતમાં ચૂંદડી બાંધી અંતિમવાટ પકડી

અમરેલી, તા. ૧૪
બાબરા તાલુકાના કર્ણકી ગામે રહેતી દયાબેન વિજયભાઈ રોજાસરા નામની ૨૪ વર્ષિય પરિણીતાને ગોંડલ તાલુકાના રીબડા ગામે રહેવા જવું હોય. જે બાબતે તેઓના ઘરમાં ત્રણ ચાર દિવસથી સામાન્ય બોલાચાલી થયેલ હોય અને તા. ૧૩ના રોજ બપોરના એક વાગ્યાના અરસામાં તેઓના રહેણાંક ઘરની રૂમમાં છતના લાકડા સાથે ચુંદડીથી અગમ્ય કારણોસર પોતે પોતાની મેળે ગળાફાંસો ખાઈ જતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલછે.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
જુના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જયુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૫૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮

Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો, જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
ઉદાસી રોગ
મરવાના વિચાર આવવા
વિચારવાયુ
વહેમ, શંકા
મંદબુધ્ધિ બાળકોની સારવાર
ચિંતા - ટેન્શન
માથાનો દુઃખાવો
જાતિય રોગો
વ્યસનમુકિત : દારૂ,બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિધા ઉપલબ્ધ...





સિધ્ધાંત જેમનું જીવન હતું,
સંસ્કાર જેમનું સિંચન હતું,
પરિવાર જેમનું મંદિર હતું,
સ્નેહ જેમની શકિત હતી,
પરિશ્રમ જેમનું કર્તવ્ય હતું,
પરમાર્થ જેમની ભકિત હતી.
એવા પુણ્યઆત્માને
૨૫મી વાર્ષિક પુણ્યતિથિએ અમારા કોટિ કોટિ પ્રણામ...
સ્વ. ભાયાબાપુ વાજસુરબાપુ વાળા
માજી સરપંચ, ગામ : માલસીકા સ્વ.તા. ૧૫/૯/૧૯૯૯
લી.
મંગળુભાઈ ભાયાભાઈ વાળા (સરપંચ : ગ્રામ પંચાયત – માલસીકા)
પ્રતાપભાઈ ભાયાભાઈ વાળા (માજી સરપંચ : ગ્રામ પંચાયત માલસીકા) (પ્રમુખશ્રી : માલસીકા સેવા સહકારી મંડળી)
ભુપતભાઈ ભાયાભાઈ વાળા (પૂર્વ ઉપપ્રમુખ : અમરેલી જિલ્લા પંચાયત) (સરપંચ : પ્રતિનિધી ધારી ગ્રામ પંચાયત)
મુ. માલસીકા, તા. ધારી, જિ. અમરેલી.

જોઈએ છે
કોમ્પ્યુટર ઓપરેટર.....................૨
CorelDraw, Photoshop, PageMaker7 તથા ગુજરાતી ટાઈપીંગનાં અનુભવી
ઓફિસબોય...............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
‘‘અમરેલી એક્સપ્રેસ’’ દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

# અમરેલી : માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજમાં નાણાકીય જાગૃતત્તા અને કેપિટલ માર્કેટ અવેરનેસ કાર્યક્રમ યોજાયો



અમરેલી જીલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આટર્સ કોલેજ અમરેલીમાં તારીખ ૧૧/૯/૨૪ને ગુરૂવારનાં રોજ સિકયુરિટીસ એન્ડ એકસચેંજ બોર્ડ ઓફ ઈંડિયા (એસ.ઈ.બી.આઈ) અને નેશનલ સ્ટોક એકસચેંજ (એન.એસ.આઈ) દ્વારા નાણાકીય જાગૃકતા અને કેપિટલ માર્કેટ અવેરનેસ કાર્યક્રમ આયોજીત થયો, જેમાં એસ.ઈ.બી.આઈ.ના સ્માર્ટ ટ્રેનર વૈભવ પુરાણિક અને રાજકોટથી સ્માર્ટ ટ્રેનર ડો. અપર્ણા પરાણિક, બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓ અને સ્ટાફ મેમ્બર ઉપસ્થિત રહ્યા હતાં. ઉદ્ઘાટન સત્રમાં કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. બી.આર. ચુડાસમાએ કાર્યક્રમની મહતા વિશે વિદ્યાર્થિનીઓનું પથપ્રદર્શન કર્યુ હતું અને જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય અને તેવા અનેક પ્રકારના પ્રકલ્પો ચાલુ સત્રમાં આયોજીત થઈ ગયા છે. અને ખાત્રી આપી હતી કે હજુ પણ આવા મૂલ્યવર્ધન થાય અને સર્વગ્રાહી વિકાસની પ્રવૃતિઓ આગામી સમયમાં પણ યોજાશે અને વિદ્યાર્થિનીઓને મહત્તમ લાભ મળશે. આ સેમીનારમાં પ્રશિક્ષણ માટે ટ્રેનર તરીકે ડો. અપર્ણા પુરાણિક અને ટ્રેનર વૈભવ પુરાણિકે સેબી વિષય અંગે માહિતી આપી અને વર્તમાન સમયના રોકાણકારો, સિકયુરિટી માર્કેટ બેકિંગિ, ફાઈનાસ, શેર બજાર વિશે માહિતી અને મ્યચ્યુઅલ ફંડ મુદાઓ પર કોલેજની વિદ્યાર્થિનીઓનું પાવર પ્રેજંટેશન ધ્વારા અરસકાર માર્ગદર્શન કર્યુ આપ્યું હતું. સમગ્ર સેમીનારનું સંચાલન અને આભાર દર્શન પ્રા.વેલિયત કર્યુ હતું.

## અમરેલી જીલ્લા કક્ષાનો નેશનલ મેગા લોક અદાલત કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન

અમરેલી, તા. ૧૪

અમરેલી તા. ૧૪/૯/૨૪ને શનિવારના રોજ ન્યાય મંદિર, તથા જીલ્લાની તમામ તાલુકા કોર્ટોમાં નેશજલ મેગા લોક અદાલતનું આયોજન અમરેલી જીલ્લાના પ્રિન્સિપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ તથા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલીના ઈન્ચાર્જ અધ્યક્ષ ડી.એેસ.વાસ્તવનાં વડપણ તથા માર્ગદર્શન નીચે થયેલ.

આ નેશનલ લોક અદાલતમાં કુલ ૩૧૨૯ કેસો ફેસલ થયા, જેમાં ૯૬૦ પ્રિ લીટીગેશનના કેસો પણ ફેસલ થયા હતા. તેમજ પ્રિ લીટીગેશનમાં રૂા. ૧,૩૦,૯૨,૦૭૩/– ની જેતે સંસ્થાઓને એક દિવસમાં રીકવરી થયેલ હતી, આ રીતે આજની લોક અદલતમાં વીમા કલેઈમના કેસો તથા બીજા કેસો મળી રૂા. ૯,૭૪,૮૯,૮૯૪/– ની રકમનું નોંધપાત્ર ચુકવણું થયેલ હતું.

આ લોક અદાલતમાં નામ. ગુજરાત હાઈકોર્ટનાં માર્ગદર્શન હેઠળ જુના કેસોનો સમાધાનથી નિકાલ લાવવાની ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. જીલ્લામાં કુલ ૫૭ જુના કેસોનો લોક અદાલતમાં નિકાલ લાવવામાં આવ્યો છે.

આ મેગા લોક અદાલતને સફળ બનાવવા માટે અમરેલી જીલ્લાના ઈન્ચાર્જ પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ ડી.એસ.વાસ્તવના સીધા માર્ગદર્શન નીચે તથા સેક્રેટરી આર.વાય. ત્રિવેદીનાં સંકલનમાં અમરેલી જીલલાના તમામ જયુડીશીયલ ઓફીસરઓ તથા કોર્ટ સ્ટાફએ ખુબ જહેમત ઉઠાવેલ હતી.

આ નેશનલ મેગા લોક અદાલતને જીલ્લા તથા તાલુકા મથકે સફળ બનાવવા માટે વકીલમંડળના હોદેદારો તથા તમામ સીનીયર તથા જુનીયર વકીલઓનું મહત્વનું યોગદાન રહ્યું હતું.

આજની નેશનલ મેગા લોક અદાલતમાં ખુબ જ મોટી સંખ્યામાં પક્ષકારો હાજર રહેલા હતાં. જેમાં ''બંને પક્ષકારોની જીત અને બંને પક્ષકારોને ન્યાય''નો લોક અદાલતનો સિધ્ધાંત ચરિતાર્થ થયો હતો.

## કાંકચ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં વિવિધ કાર્યક્રમો યોજાયા



લીલીયા, તા. ૧૪

લીલીયા તાલુકાના ક્રાંકચ ખાતે મહિલાઅનેબાલવિકાસવિભાગનાં માનનીય મંત્રી શ્રીમતિ ભાનુબેન બાબરીયાનાં જન્મદિન નિમિત્તે ICDS ઘટક લીલીયા (મોટા)નાં ક્રાંકચ સેજામાં ભવ્યઉજવણી કરવામાંઆવેલ જયાંબાળ શકિ ત પ્રીમિકસમાંથી બનાવેલ કેક કાપવામાંઆવેલ જેઆંગણવાડીનાંબાળ કોને ખવડાવવામાં આવેલ. મેડિકલ ઓફિસર, લેબ ટેકનીશીયન, અને અન્ય મેડિકલ સ્ટાફ મેમ્બર્સ દ્વારા એનિમિયા કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવેલ તેમજ કિશોરીઓએ વિભાગદ્વારા મળતા લાભો, સવલતો અને સેવાઓથી તેઓને થતા લાભાલાભ વિશે જણાવ્યું અને સવિશેષ આજના દિને માનનીયમંત્રીને શુભકામનાઓ વ્યકત કરવામાં આવેલ.

શુભદિનની યાદી રહે તે નિમિત્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં મેડિકલ ઓફિસર, મેડિકલ ટેકનીશીયન સ્ટાફ, આરોગ્ય કર્મચારીગણ, cdpo લીલીયા, મુખ્યસેવીકા ક્રાંકચ, આંગણવાડી વર્કસ અને તેડાગર બહેનો, આંગણવાડીઓનાં બાળકો, સગર્ભાઓ , ધાત્રીઓ , કિશોરીઓ, અન્ય મહિલાઓ વિગેરે ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવેલ હતો તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### જીલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજાઇ

## અમરેલી : સ્વચ્છતા હી સેવા અને એક પેડ મા કે નામ અભિયાનમાં જનભાગીદારી માટે જિલ્લા કલેકટરની અપીલ

### સેવા સેતુ કાર્યક્રમનો વધુમાં વધુ નાગરિકોને લાભ મેળવવા અનુરોધ



અમરેલી, તા.૧૪

સ્વચ્છતા હી સેવા, સેવાસેતુ કાર્યક્રમઅનેએક પેડ માંકેનામઅભિયાન અંતર્ગત અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે, આ પ્રજાલક્ષી અભિયાનોથી અમરેલી જિલ્લાના નાગરિકો વાકેફ થાય અને જનભાગીદારીવધેઉપરાંતનાગરિકોસેવા સેતુ કાર્યક્રમનો મહત્તમ લાભ મેળવે તે ઉદેશ્ય સાથે અમરેલી જીલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજાઇ હતી.

કલેકટર અજય દહિયાએ જણાવ્યુ કે, તા.૨ ઓકટોબર – મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિએ ભારત અને રાજય સરકાર દ્વારા સ્વચ્છતા હી સેવા અભિયાન હાથ ધરવામાં આવશે. સ્વચ્છતા માટે નાગરિકોમાં એક આદત કેળવી શકાય અને કચરા નિકાલ માટે યોગ્ય વ્યવસ્થાપન થાય તે માટે ખાસ ઝુંબેશ શરૂ થશે. અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં તા.૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૪થી સ્વચ્છતા હી સેવા – ૨૦૨૪ અભિયાનનો પ્રારંભ થશે.

અમરેલી જિલ્લામાં સ્વચ્છતા અભિયાનને લોકભાગીદારી સાથે વિવિધ સ્થળોએ કાર્યક્રમો કરવામાં આવશે. આ કાર્યક્રમને જનઆંદોલન સ્વરૂપે સફળ બનાવવાનો ઉદેશ્ય છે. આ કાર્યક્રમમાં સાંસદ, ધારાસભ્યઓ, પંચાયત અને નગરપાલિકા સહિતના પદાધિકારી ઓ હોદેદારઓ સહિતના મહાનુભાવો જોડાશે. ઔદ્યોગિક એકમો અનેવિવિધસંસ્થાઓસહયોગઆપેઅને નાગરિકોમાંસ્વચ્છતાનો અભિગમ કેળવી શકાય અને સ્વચ્છતા માટે જાગૃત્તિ આવે તે માટે સ્વચ્છતા હી સેવા અભિયાનનેસઘનબનાવવાનોપ્રયાસછે.

### રાજયપાલ દેવવ્રતજીની ઉપસ્થિતિમાં

## અમરેલી ખાતે જીલ્લા સહકારી સંસ્થાઓની સંયુકત વાર્ષિક સાધારાણ સભા યોજાશે

### ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીએ રાજભવન આમંત્રણ પાઠવ્યું



અમરેલી, તા. ૧૪

રાજભવન ખાતે નિમંત્રણ પાઠવતા ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી, જીલ્લા સહકારી સંઘના ચેરમેન મનિષ સંઘાણી, ડીરેકટર બાબુભાઈ સખવાળા, પ્રદેશ ભાજપ પ્રવકતા શૈલેષ પરમાર.

આગામી તા. ૨૧ સપ્ટેમ્બરના રોજ અમરેલી ખાતે જીલ્લાની સહકારી સંસ્થાઓની સંયુકત વાર્ષિક સાધારણ સભા પ્રાકૃતિક કૃષિના પ્રણેતા – ગુજરાત રાજયના રાજયપાલ મહામહિમ આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં યોજાશે. રાજભવન ગાંધીનગર ખાતે સહકારી અગ્રણી દિલીપભાઈ સંઘાણી, અમરેલી જીલ્લા સહકારી સંઘના પ્રમુખ મનિષ સંઘાણી, પ્રદેશ ભાજપ ડીબેટ પ્રવકતા શૈલેષભાઈ પરમાર, ડીરેકટર બાબુભાઈ સખવાળા સહિતના પ્રતિનિધિ મંડળે પાઠવેલ નિમંત્રણનો સ્વીકાર કરેલ છે. જીલ્લાની ૧૨ જેટલી સહકારી સંસ્થાઓની સાધારણ સભા એકમંચ પર મળશે જેમાં રાજયપાલ અધ્યક્ષસ્થાન શોભાવશે જે દેશ રાજયમાં નોંધપાત્ર કહી શકાય તેવો ચીલો અમરેલી જીલ્લાએ ચાતર્યો છે જે પ્રસંશનીય છે. કાર્યક્રમ તા. ૨૧/૯/૨૪, શનિવારના રોજ સવારના ૧૦ કલાકે સેન્ટર ઓફ એકસેલંન્સ (ઈટી/આઈવીએફ) લેબ, અમરદાણ ફેકટરી સામે, ધારી રોડ, અમરેલી ખાતે યોજાશે જેમાં તમામ સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભાની કામગીરી હાથ ધરવામાં આવશે તેમ સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયેલ છે.

### ધારાસભ્ય તળાવીયાનાં હસ્તે

## લાઠીનાં ભાલવાવ ગામે પ્રાથમિક શાળાનું લોકાર્પણ



અમરેલી, તા. ૧૪

લાઠી તાલુકાનાં ભાલવાવ ગામે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત ભાલવાવ પ્રાથમિક શાળા માટે સરકારનાં શિક્ષણ વિભાગ દ્વારા અંદાજે ૩૦ લાખનાં ખર્ચે નવું બિલ્ડીંગ જેમાં ૩ રૂમો બનાવવામાં આવેલ આ નવનિર્મિત થયેલ બિલ્ડીંગ સાથે શાળામાં બાળકોને ડિજિટલ અને ટેકનોલોજી વાળું શિક્ષણ મળી રહે તે માટે સુવિધા સંભર બિલ્ડીંગ સરકારનાં શિક્ષણ વિભાગ દ્વારા આપવામાં આવેલ છે. આ નવનિર્માણ પામેલ અત્યાધુનિક સુવિધા સભર બિલ્ડીંગનું લોકાર્પણ ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના વરદ હસ્તે કરવામાં આવેલ હતું. આ ભાલવાવ પ્રાથમિક શાળાનાં નવનિર્મિત થયેલ બિલ્ડીંગ લોકાર્પણ પ્રસંગે મહાનુભાવો તેમજ ઉદ્યોગપતિની પણ વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

### રોટરી કલબ દ્વારા યોજાયો કાર્યક્રમો

## અમરેલી ખાતે અવધ રેસીડેન્સીમાં સ્વરક્ષણની તાલીમ આપવામાં આવી

### પ્રમુખ અનિલ આડતીયા પણ ઉપસ્થિત રહયા



અમરેલી, તા.૧૪

અમરેલી ડો. વિજય એમ. સોલંકીના માર્ગદર્શન હેઠળ શ્રી પાર્થ જીતેન્દ્રભાઈ કામોઠીએ અલગ–અલગ પ્રકારનાંદાવપેચથીશત્રુનેકેમ મહાત કરવો તેની માહીતી અવધ રેસીડેન્સી સોસાયટીને રોટરી કલબ ઓફ અમરેલી સીટીનાં માધ્યમથી આપી હતી.

રોટરી કબલ ઓફ અમરેલી સીટીનાં પ્રમુખ અનીલભાઈ આડતીયા તથા સેક્રેટરી જીજ્ઞેશભાઈ મોદીએ તમામ સંસ્થા શાળા વિગેરેને બહેનો માટે આવા કાર્યક્રમો કરી સમાજની બહેનો દીકરીઓને સ્વ.આત્મ રક્ષણ કરવા સક્ષમ બનાવવા આગ્રહ કરેલ છે.

# બાબરામાં પોષણ માસની ઉજવણી સી.એમ.ટી.સી. ખાતે કરવામાં આવી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.એમ. જોષી તેમજ આર.ડી.ડી. હરેશ વાળા, જીલ્લા આર.સી.એસ.ઓ ડો.અલ્પેશ સાલ્વી સીધા માર્ગદર્શન હેઠળ તેમજ તાલુકા હેલ્થ આફિસર બાબરાના ડો.આર.આર.મકવાણા, ડો. સાકીર વ્હોરા સી.એચ.સી અધિક્ષક, ડો. માહિત ચૌહાણ, મહેશભાઈ બસિયા, ડૉ. જયદીપ સોલંકી, ડો. મહર્ષિ ભટ્ટીના દેખરેખ હેઠળ તેમજ ન્યુટ્રીશન પ્રીતિ બેન ગેસ્વામી, ન્યુટ્રીશન, જીજ્ઞાબેન ભીમાણી દ્વારા પોષણ માસની ઉજવણી કરવામાં આવેલ.

### એસપીની સુચનાથી સ્થાનિક પોલીસનો સપાટો

# રાજુલા : બળાત્કારના ગુન્હાના આરોપીને પકડી પાડતી પોલીસ ટીમ

### આરોપી નીતિનભાઈ પરમાર વિરૂધ્ધ કાર્યવાહી શરૂ

અમરેલી, તા. ૧૪

રાજુલા પોલીસ સ્ટેશનના ભારતીયન્યાયસંહિતા-૨૦૨૩નીકલમ ૬૪(૨)(એચ), ૬૪(૨)(એમ), ૧૧૫(૨), ૫૪, ૩૫૨, ૩૫૧(૩) મુજબના ગુન્હાના કામનો આરોપી નીતીનભાઈ મધુભાઈ પરમાર (રહે. જામવાળા, તા. ગીર ગઢડા) એ ભોગ બનનાર સાથે બળાત્કાર આચરી ગુન્હો



કરેલહોય.જેગુનાનાકામેઆરોપીનેપકડી પાડવા રાજુલા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. આઈ.જે. ગીડાએસુચનાઅને માર્ગદર્શનઆપેલહોય.જેઆધારેરાજુલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા મજકુર આરોપીનીઉપરવોચરાખીખાનગીરાહે બાતમિ હકીકત મેળવી ગણતરીની કલાકોમાઆરોપીનેશોધીકાઢીધોરણસર કાર્યવાહીહાથધરેલહતી.

### નિયમિત રીતે અનિયમિત બસ દોડી રહી છે

# બગસરાથી દાહોદ અને ભાવનગર જતી બસ એક કલાક મોડી ઉપડતા મુસાફરો પરેશાન

### વિભાગીય નિયામકે દરમિયાનગીરી કરવી જરૂરી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૪

બગસરા ડેપોની ઘોર બેદરકારીના કારણે અવાર નવાર અનેક રૂટો બંધ કરી દેવામાં આવે છે તેમજ અનેક વખત રૂટો મોડા ઉપડવાની ફરિયાદો પણ છાશવારે જોવા મળતી હોય છે . જયારે કયારેક કંડકટરો તો કયારેક ડ્રાઈવરો મોડા આવવા અથવા ન આવવાના કારણે બસો મોડી ઉપડતી જોવા મળી રહી છે.

ત્યારે જાણવા મળતી માહિતી મુજબ અહીંના ડયુટી લિસ્ટ લખનાર અધિકારી તેમજ ડેપો મેનેજરની મિલીભગતના કારણે જે ડ્રાઈવરો અને કંડકટરોને એકબીજા સાથે બનતું ન હોય તેવાને એક રૂટ ઉપર મોકલવામાં આવે છે જેના કારણે બસોની આવક પણ ઓછી જોવા મળે છે અને મોડા ઉપડવાના પ્રશ્ન પણ અનેક વખત ઉભા થાય છે. જયારે ગઈકાલના રોજ બગસરાથી દાહોદ સવારની ૭ : ૪૫ કલાકે ઉપડતી બસ નવ વાગે ઉપડતા પેસેન્જર હેરાન પરેશાન થઈ ચૂકયા હતા. જયારે ડ્રાઈવર દ્વારા સવારના ૭:૩૦ કલાકે બસ પ્લેટફોર્મ ઉપર મૂકીદેવામાં આવેલી હતી પરંતુ કંડકટર ન આવવાના કારણે બગસરાથી દાહોદ જતી બસ એક કલાક મોડી ઉપાડવામાં આવી હતી.

જયારે અન્ય માહિતી મળવા મુજબ આજે સવારની બગસરાથી ભાવનગર જતી બસ ૫:૩૦ કલાકની ઉપડવાનો ટાઈમ હોવા છતાં ૬:૩૦ કલાકે ઉપડતા મુસાફરોને એક કલાક ડેપોમાં બેસી રહેવું પડયું હતું જેને કારણે પેસેન્જર અકળાય ગયા હતા. જયારે આવા બનાવો અનેક વખત જોવા મળી રહ્યા છે ત્યારે અહીંના અધિકારીઓ દ્વારા મુસાફરોને હેરાન પરેશાન કરવામાં જ સમજે છે કે પછી ડેપોની આવક કરવામાં આવા સવાલો પણ મુસાફરોમાં ઉઠી રહ્યા છે.

### સરકારી અને સહકારી સંસ્થાઓ જોડાશે

# અમરેલી જીલ્લામાં પ્રધાનમંત્રીના જન્મદિવસે વૃક્ષારોપણનું આયોજન

### આમ નાગરિકો પણ વૃક્ષારોપણ કરશે

અમરેલી, તા.૧૪

એકપેડમાકેનામઅભિયાન અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસે અમરેલી જિલ્લામાં સામાજિક, શૈક્ષણિક, સેવાકીયસહિતની સંસ્થાઓ ઉપરાંત નાગરિકો દ્વારા વૃક્ષારોપણ થશે.

પ્રધાનમંત્રીનીપહેલથીતા.૫ જૂનવિપર્યાવરણદિવસેશરૂથયેલાએક પેડમાકેનામઅભિયાનઅંતર્ગતઅમરેલી જિલ્લામાં અવિરત વૃક્ષારોપણ કરવામાં આવી રહ્યાં છે. તા.૧૭સપ્ટેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના જન્મદિવસનિમિત્તેસ્કુલ, કોલેજો, ધાર્મિક અને સેવાકીય સંસ્થાઓ, આંગણવાડી કેન્દ્રો, ગ્રામ પંચાયતો, વિવિધ સરકારી કચેરીઓ ઉપરાંત ખેડૂતો, નાગરિકોઅને સંસ્થાઓદ્વારા પર્યાવરણરક્ષણમાટેએક પેડ મા કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કરશે. અમરેલી જિલ્લાના નાગરિકોને જિલ્લાની વિવિધખાતાકીય નર્સરીઓમાંથી રોપાઓ પણ પૂરા પાડવામાં આવશે. આથી વધુમાં વધુ નાગરિકોને આ રોપાઓ મેળવી વૃક્ષ વાવેતર અને ઉછેરમાં સહભાગી થવા અનુરોધ છે.

# વીજપડીનાં પત્રકારનાં પુત્ર સરફરાઝ ખોખરનો આજે જન્મદિન

વીજપડી, તા.૧૪

સાવરકુંડલાના વીજપડી ગામનાં પત્રકાર સમીર ખોખરના પુત્ર સરફરાઝ ખોખરનો આજ રોજ તા.૧૫/૯/૨૦૨૪ રવીવારનાં જન્મદિવસ હોય સગા સ્નેહી મિત્રો દ્વારા ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવા આવેલ સરફરાઝખોખર આજે ૧૮ વર્ષ પુર્ણ કરી ૧૯માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. તેથી તેમનાં મમ્મી પપ્પાભાઈ આફતાબખોખર દ્વારા મુબારકબાદી પાઠવેલ હતી. સરફરાઝ



ખોખરના તમામ મિત્રો દ્વારા ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા છે.

# બાબાપુર ખાતે જલજીલણી એકાદશીએ રાસ ગરબા યોજાયા



તસ્વીર : હસમુખભાઈ રાવળ–બાબાપુર

બાબાપુર, તા. ૧૪

બાબાપુર રામજી મઢી બગસરા અમરેલી હાઈવે રોડ ગૌશાળા પાસે જલજીલણી એકાદશી નિમિત્તે પૂજા પાઠ કરવામાં આવ્યું હતું તેમાં મહેમાનોમાં રામાભાઈ ગોંડલિયા, ભીખુભાઈ કાનાણી, ભીખુભાઈ પેથાણી, શૈલેષભાઈ કંદોઈ, ડો. કાબરીયા (રેડીઓ કલકાર) નાનજીભાઈ હીરપરા ઉપસ્થિતિ રહ્યા આયોજન રાજાભાઈ દેવજીભાઈ ગોંડલિયા એ કરેલ હતું.

તેમાં ૨૦૦ ભકજનો દ્વારા પવિત્ર શેત્રુંજી નદીમાં જલજળની એકાદશી નિમિત્તે ઠાકોરજી સ્નાન કરાવી મંદીરે રાસ ગરબાનું આયોજન કરી ભક્ત જનોએ ફળાહાર કરેલ હતું.

# ધરાઈ : બાલમુકુંન્દ હવેલી ખાતે અલૌકિક મનોરથનું આયોજન



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

અમરેલી, તા. ૧૪

બાબરા તાલુકાનાં ધરાઈ ગામમાં આવેલ પ્રસિદ્ધ યાત્રાધામ શ્રી બાલમુકુન્દ હવેલીમાં અતિભવ્ય 'છાક મનોરથ'નું આયોજન તા. ૧૧/૯/૨૪ (રાધાષ્ટમી) બુધવારના રોજ ભવ્ય આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે ઠાકોરજીને વિવિધ જાતની મીઠાઈઓ તથા અન્ય પ્રકારની વાનગીઓ ધરાવવામાં આવશે. આ તકે હવેલીમાં ઠાકોરજીનાં આ રૂડા મનોરથ તથા દર્શનનો લાવ્હો તથા મહાપ્રસાદનો લાવ્હો હજારો વૈષ્ણવોએ લાભ લય ધન્યતા અનુભવી હતી. કુલદીપભાઈ મુખ્યાજી ધરાઈની યાદી જણાવે છે.

### એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

# રાજુલા પોલીસ સ્ટેશનનાં અપહરણ તથા પોક્સોનાં ગુન્હામાં નાસતા-ફરતા આરોપીની અટકાયત

અમરેલી, તા. ૧૪

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહે અમરેલી જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓ તથા ગુનાના કામે પકડવાના બાકી આરોપીઓને સત્વરે પકડી પાડવા સુચના આપેલ હોય. જે અન્વયે ગંભીર ગુન્હાઓ આચરી પોતાની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓને પકડવા સારૂ રાજુલા પોલીસ સ્ટેશનના આઈ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬ તથા પોકસો એકટ કલમ ૧૮ મુજબના ગુન્હાના કામનો આરોપી જયેશભાઈ નરશીભાઈ સાંખટ રહે. જૂની



કાતર, તા.રાજુલા એક સગીરાને લલચાવી ફોસલાવી, લગ્ન કરવાના ઈરાદે, અપહરણ કરી લઈ ગયેલ હોય. જે ગુનાના કામે આરોપીને પકડી પાડવા રાજુલા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. સુ. આઈ.જે. ગીડાએ સુચના અને માર્ગદર્શનના આધારે રાજુલા પોલીસ સ્ટાફ દ્વારા છેલ્લા નવેક મહિનાથી આરોપી નાસતો ફરતો હોય જેની સુરત જીલ્લાના માંગરોળ ખાતે હોવાની હકીકત આધારે સી.આર.પી.સી. કલમ ૭૦ મુજબના વોરંટના કામના આરોપીને ભોગ બનનાર સાથે સુરત જીલ્લાના માંગરોળ ખાતેથી શોધી કાઢી ધોરણસર કાર્યવાહી પોલીસે હાથ ધરી હતી.

# ચલાલા : ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનાં વિદ્યાર્થીઓ વિજ્ઞાનમેળામાં પ્રથમ સ્થાને પહોંચ્યા

ચલાલા, તા. ૧૪

ચલાલા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલયના વિદ્યાર્થીઓ પ્રાથમિક વિભાગના કલસ્ટર વિજ્ઞાન મેળામાં પ્રથમ નંબર મેળવી ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનું ગૌરવ વધાર્યુ.



### સ્થાનિક તંત્રની બેદરકારી પ્રકાશમાં આવી

# બગસરા : મોટા માંડવડા ગામની પ્રાથમિક શાળાનાં દરવાજા પાસે કાદવકીચડનું સામ્રાજય

### ગામનો મુખ્ય માર્ગ હોવાથી ગામજનો પણ પરેશાન

બગસરા, તા. ૧૪

મોટા માંડવડા ગામ બગસરાથી ફકત ૧૦ કિલોમીટરના અંતરે આવેલ ગામમાં સુવિધાના નામે મીંડુ વળી ગયું છે. અઘોર તંત્રના પાપે અહીંયાની પરિસ્થિતિ ખૂબ દયનીય બની ગઈ છે. આ ગામમાં પ્રવેશ માટેના મુખ્ય માર્ગ ઉપર જ કાદવ કીચડ જામી ગયો છે. જેના હિસાબે રાહદારી ઓને ગામમાં પ્રવેશ મેળવવા માટે ખૂબ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જયારે વાહન ચાલકોને અહીથી પસાર થવામાં અનેક વખત વાહનો સ્લીપ થવાની ઘટના બનતી હોય છે. પરંતુ અમરેલી જિલ્લાનું છેવાડાનું આ ગામમાં કોઈ પદાધિકારીઓ પણ પ્રવેશ કરતું નથી કે આ ગામની સ્થિતિ કેવી છે તેની કોઈને પડી નથી. જયારે આ ગામમાં પ્રાથમિક શાળા પણ આવેલી છે આ સ્કૂલના ગેટ પાસે જ એટલી હદે કાદવ કીચડ જામી ગયું છે કે બાળકોને અહીંયા ભણવા આવવુ પણ મુશ્કેલ બની ગયું છે. અહીંયા તો ઠીક પણ ગામની અંદર



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

પાદરમાં પણ ગાયો અને ગંદકી તેમજ કીચડ એટલી હદે છે કે અહીંયાથી પસાર થવામાં પણ માથું ફાડી નાખે તેવી દુર્ગંધનો સામનો કરવો પડે છે. જેના હિસાબે આ ગામના રહીશો ઉપર અનેક પ્રકારના રોગચાળો ફેલાવાની દહેશત સેવાઈ રહી છે. તો તંત્ર દ્વારા આ ગામની સફાઈ કરવામાં આવે તેમજ દવાનો છંટકાવ કરવામાં આવે જેના હિસાબે અહીંના લોકો રાહતનો ાસ લઈ શકે પરંતુ આ નીંભર તંત્ર જાણે ઘોર નિંદ્રામાં હોય તેવું લાગી રહ્યું છે. જયારે આ ગામના લોકો દ્વારા પણ આ ગામમાં રસ્તા ઉપર કાદવ કીચડને સફાઈ કરવામાં આવે અને દવા છાંટવામાં આવે તેવી લોકોની માંગ ઉઠી છે.








બાબરામાં મકાન વેચવાનું છે

બાબરામાં અતિ મોકાનું મકાન વેચવાનું છે ૮૦ વાર જગ્યામાં (ડુપ્લેકસ મકાન) ઉપર બે રૂમ, રસોડું, ટોયલેટ, સ્ટોરરૂમ નીચે એક રૂમ, રસોડુ મોટું, સ્ટોર રૂમ તથા ટોયલેટ

રામજી મંદિર પાછળ, નવી વ્હોરા મસ્જિદ વાળી શેરીમાં – બાબરા

સંપર્ક : ૯૯૦૯૫ ૮૨૯૦૦

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦












**પ્રકરણ : ૨૦૧ - ૧૯૬૨**

**ઝૂમતી ચલી.. હવા... યાદ આ ગયા.. કોઈ... બુજતી બુજતી..**
**બદલી બદલી દુનિયા હૈ મેરી.. જાદુ યે કયાં હૈ. આંખો મે તેરી**
**પ્રિય વાચક મિત્રો,**

આજે રૂસ્તમે હિન્દ એટલે કે દારા સિંગની ફિલ્મની વાત સાથે, ભારતના મહાન પ્રાચીન ગવૈયા તાનસેનની ફિલ્મ જેની ભૂમિકા ભારત ભૂસને નિભાવી છે, તેની વાત કરીશું. પણ તે પેહલા દારા સિંગ વિષે થોડી વાત કરીયે. આજની બન્ને ફિલ્મની સામ્યતાએ છે કે બન્ને ફિલ્મો અંતમાં બ્લેક એન્ડ વ્હાઈટથી રંગીન ફિલ્મમાં સ્થાન પામે છે. કિંગ કોંગ ફિલ્મમાં વચ્ચે એક ગીત પણ રંગીન બનાવામાં આવ્યું છે, અને અંતના લડાઈના દ્રશ્યો રંગીન બનાવાયા છે, તો સંગીત સમ્રાટ તાનસેનમાં ફિલ્મના અંતિમ દ્રશ્યો રંગીન બનાવાયા છે.

દારા સિંગ – દારા સિગ રંધવાનો જન્મ પંજાબના માઝા પ્રાંતમાં ધર્મચુક ગામમાં થયો, તેમનું નામ દીદાર સિંગ હતું, તેમના પિતાનું નામ સૂરત સિંગ અને માતાનું નામ બળવંત કેર હતું, તેઓનો જન્મ ૧૯-૧૧-૧૯૨૮ ના રોજ થયો. તેઓ શારીરિક રીતે પહલેથી જ તેમના પરિવાર મુજબ તંદુરસ્ત હતા, કુસ્તીમાં તેમને ખુબજ આગળ પડતાં ભાગ લીધા હતા, કુસ્તીમાં આગળ વધવા તેઓ ૧૯૪૭માં સિંગા પૂર પહોચ્યા, ત્યાં હરનામ સિંગના શિક્ષણ હેઠળ તેઓ કુસ્તીના દાવ પેચ શીખતા હતા, તેમનું




વજન ૧૨૭ કિલો અને ઊંચાઈ ૭ ફૂટ બે ઈંચની હતી, તેમની છાતી ૫૩ ઈંચ ની હતી, તેઓ કુસ્તીમાં પાવરધા સાબિત ત્યારે થયા જયારે તેમણે દુનિયાના મહાન કુસ્તીબાજો જેમ કે, બિલ વર્ના, ફિરપો જબિસકો, જહોન ડી. સિલ્વા, રિકી ડોજન, ડેની લીંચ જેવા ખ્યાતનામ કુસ્તી બાજો સાથે કુસ્તી લડી અને તેમને હરાવ્યા. કિંગકોન તે સમયે મશહૂર કુસ્તીબાજ ગણાતા હતા, અને એક મુકાબલામાં દારા સિંગે તેમને પણ હરાવ્યા હતા, પેસાવર કુસ્તી મુકાબલામાં તેઓ અગ્રેસર રહ્યા હતા, ૧૯૫૪માં ભારતની રૂસ્તમે હિન્દ પ્રતિયોગતામાં ટાઈગર જોગિંદર સિંગને હરાવી તેઓ રૂસ્તમે હિન્દનો ખિતાબ પ્રાપ્ત કર્યો હતો, જે મહારાજા હરિ સિંગ દ્વારા અપાયો હતો, ૧૯૫૯માં જોજ ગોર્ડ એંકો સાથે કલકતામાં રાષ્ટ મંડળ ચેમ્પિયન શીપ જીતી હતી, ૨૯/૧૫/૧૯૬૮ના રોજ બોમ્બેમાં લૂ થેજને હરાવી વિશ્વ કુસ્તી સ્પર્ધા તેમણે જીતી હતી, તેમ છતા તેઓ ૧૯૫૧માં કલકતામાં ગોરખ પૂરના પહલવાન બ્રહ્મદેવ મિશ્રા સામે હારી ગયા હતા, તેમણે કુસ્તીમાંથી ૧૯૮૩માં નિવૃતિ લીધી હતી. દારા સિંગ ૧૯૫૨ માં સંગ દિલ ફિલ્મ દ્વારા હિન્દી સિનેમા માં આવ્યા, પણ સફળતા બાબુભાઈ મિસ્ત્રીની ફિલ્મ કિંગ કોંગ જે ૧૯૬૨માં આવી ત્યારથી મળી, ત્યારબાદ તેઓએ હિન્દી સિનેમામાં ઘણી ફિલ્મોમાં કામ કર્યું, મુમતાઝ સાથે તેમની જોડી યાદ કરાય છે. ૧૯૭૬ની ફિલ્મ બજરગ બલીમાં અને રામાયણ સિરિયલમાં ભગવાન શ્રી હનુમાનજીની ભૂમિકા માટે તેઓ હમેશા અમરરૂપે યાદ કરાય છે, તેઓ ૧૯૯૮માં ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા અને ભારતના પ્રથમ રમત વીર જે રાજય સભાના સાંસદ થયા તેનું બહુમાન મેળવેલ છે. દારા સિંગે બે લગ્ન કર્યા હતા, પ્રથમ પત્ની બચનો કેર સાથે ૧૯૪૨ થી ૧૯૫૨ સુધી લગ્ન જીવન ચાલ્યું હતું, સુરજીત કેર સાથે તેમણે ૧૯૬૧માં લગ્ન કર્યા હતા, તેઓ ત્રણ પુત્રી અને ત્રણ પુત્રોના પિતા હતા, વિંદૂ દારા સિંગ તેમના પુત્ર છે, તેમના ભાઈ રંધાવા પણ એક પહલવાન અને અભિનેતા હતા, આ કલાકારને ૧૯૯૬માં રેસ્લિંગ ન્યુસ લેટર હાલ ઓફ ફેમમાં સામિલ કરાયા છે, ૨૦૦૨ માં વિશ્વના ૧૦૦ પહલવાનો માં ૯૪ માં નંબર અપાયો છે, રૂસ્તમે હિન્દ દારા સિંગની વાતો તેમની ફિલ્મો સાથે કરીશું. ૧૨/૭/૨૦૧૨ ના રોજ તેઓ અમર થયા હતા.

કિંગ કોંગ – કિંગ કોંગએ ફિલ્મ છે જેમાં વિશ્વના પહલવાનકિંગ કોંગે ખલનાયકની અને દારા સિંગે નાયકની ભૂમિકા ભજવી છે, આ ફિલ્મ માં હિન્દી સિનેમા માં પ્રથમ વાર ડાયનોસોર ચિત્રિત કરવા માં આવ્યો છે, તે સમયે આજ ના જેવી ટેકનાલોજિ ના હતી, છતા કોમ્પ્યુટરની સહાયતા થી અહી

## ફિલ્મી સફર
(એક ઈતિહાસ)
**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

ડાયનાસોરને રજૂ કરાયો છે,, જેની લડાઈ દારા સિંગ સાથે દેખાડાઈ છે. બાબુભાઈ મિસ્ત્રિના નિર્દેશન અને દેવી શર્માના નિર્માણ માં, મજરૂહના ગીતો અને ચિત્ર ગુપ્તના સંગીત સાથે, દારા સિંગ, કુમ કુમ, ચંદ્ર શેખર, પ્રવીણ ચૌધરી, શેલા, કમલ મેહરા, લીલા મિશ્રા, પાલ શર્મા અને કિંગ કોંગથી અભિનીત આ ફિલ્મ એવેરેજ સાબિત થઈ હતી. ફિલ્મમાં બચપણમાં વિખૂટા પડેલ ભાઈઓ અને તેમની નિશાની એક તાવીઝ જેવી કહાની આજે જૂની લાગશે પણ તે સમયે આ કહાની નવી હતી. દારા સિંગ અને ચંદ્ર બન્ને ભાઈઓ વિખૂટા પડી ગયેલ છે, જે એક રાજય ના રાજ કુમાર છે, તે રાજય રાજા કમલે પચાવી પાડયું છે, દારા સિંગ તે રાજયના પહલવાન કિંગ કોંગ ને હરાવે છે, ત્યારે રાજા તેને રાજ દરબારમાં સ્થાન આપે છે, પણ તેની માતા તેને સચ્ચાઈ કહે છે, અને દારા રાજા કમલનો દુશ્મન થઈ જાય છે, ચંદ્ર એક સાહસિક યુવાન છે, જે રાજાની પુત્રી ના પ્રેમ માં છે, પણ સેનાપતિ તેમાંવિરોધી છે, અંતે બન્ને ભાઈઓનું મિલન થાય છે અને રાજા અને કિંગ કોંગ અને સેનાપતિનો ખાતમો બોલાવી બને ભાઈઓ એક થાય છે. ફિલ્મમાં દારા સિંગને રૂસ્ત મે હિન્દ ના રૂપે રજૂ કરાયા છે. ચંદ્ર શેખર, રંજન, શેખ મુખતર, લેડી ડાયના, જહોન કવાસએ હિન્દી સિનેમાના પેહલા એવા લડાયક અભિનેતા છે, જે એક સાથે દસ પંદર ખલનાયકો સાથે લડતા જોવા મળતા હતા, જયારે રાજ દિલિપ અને દેવ સામાજિક ફિલ્મો આપતા હતા, ત્યારે આ નાયકો દર્શકોને લડાયક ફિલ્મો દ્વારા મનોરંજન આપતા હતા.

સંગીત સમ્રાટ તાનસેન – તાનસેનએ ભારતના મહાન ગવૈયા છે, જેનો જન્મ ૧૪૯૩ થી ૧૫૦૦ ની સાલમાં ગ્વાલિયરમાં જે તોમરના શાસન માં હતું



ત્યાં થયો હતો, તાનસેન એક બ્રાહમીન પરિવારમાં જન્મેલ સંગીત સમ્રાટ હતા, તેઓએ રાજા રામચંદના શાસનમાં સંગીત સમ્રાટનો ખિતાબ મળ્યો હતો, તાનસેન વિષે ઘણી દંત કથાઓ અને ઈતિહાસિક કથાઓ જોડાયેલી છે, સમ્રાટ અકબરે તેમને રાજા રામચંદ સાથે યુદ્ધની ધમકી આપ્યા બાદ દિલ્લી બોલાવ્યા હતા, અને તેમના સંગીતથી પ્રભાવિત થઈ તેમના નવ રત્નમાં સ્થાન આપ્યું હતું. તાનસેન દ્વારા રાગ દિપકથી સંગીત દ્વારા જયોતિ પ્રગટવાની વાત પ્રચલિત છે, તે અને તાનસેનના જીવનની ઘણી વાતો અહી ફિલ્મમાં વણી લેવા માં આવી છે. એસ એન ત્રિપાઠીના નિર્દેશન, અભિનય અને સંગીત સાથે, અને સૂર સિંગર ચિત્રના નિર્માણમાં શૈલેન્દ્ર અને સ્વામી હરિદાસના ગીતો અને એસ એન ત્રિપાઠીના સંગીત સાથે આ ફિલ્મમાં ભારત ભૂસણ, અનીતા ગુહા, મુકરી, ડેવિડ, ડી કે સપ્રૂ, સાબિતા, પ્રેમ સાગર, અને એસ એન ત્રિપાઠીથી અભિનીત આ ફિલ્મ વર્ષની સફળ ફિલ્મ રહી હતી. ભારત ભૂસણ જેણે દિલિપ, દેવ અને રાજના એક ચક્રી શાસનમાં ઘણી સફળ ફિલ્મો આપી તેમાં નાયકના રૂપે આ અંતિમ સુપર હિટ ફિલ્મ રહી. આ ફિલ્મની કથા ટૂંકમાં જોઈ એ તો એક જન્મથી બોલી ના શકતું બાળક ભગવાન શિવના આશીર્વાદથી સંગીતના તાલ સાથે બોલવા લાગે છે, અને મહાન સંગીત શાસ્ત્રી સ્વામી હરિદાસ ના શિક્ષણથી આ બાળક તાનસેન એટલે કે રામ તનુ એક મહાન ગાયક બને છે, તેની સંગીતની ખ્યાતિ તેને રાજા રામચંદ્રના દરબારમાં સંગીત સમ્રાટનું બિરૂદ આપે છે, તાનસેન તેની બચપણની સાથી હંસાને ચાહે છે, અને લગ્ન કરવા માંગે છે, પણ સમ્રાટ અકબર તાનસેનની ખ્યાતિ સાંભળી રાજા રામચંદ્રને યુદ્ધની ધમકી આપે છે, અને તાનસેનને દિલ્હી મોકલવા કહે છે, તાનસેન યુદ્ધ નિવારવા તેની પ્રેમિકા હંસા ને છોડી દિલ્હી જાય છે, ત્યાં તેના સંગીતના પ્રભાવ થી અકબર તેને રાજ દરબારમાં સ્થાન આપે છે, અકબરની પુત્રીને બીમારી થી મુક્ત કરવા તાનસેન રાગ દિપક દ્વારા જયોતિ પ્રગટાવે છે, પણ તેના શરીરમાં આગ લાગે તેવી ગરમી ઊભી થાય છે, જે તેની પ્રેમિકા હંસા એટકે કે અનીતા ગુહા રાગ મલ્હાર દ્વારા વરસાદ વરસાવી અગન શાંત કરે છે. આવી સંગીત મય કથા આ ફિલ્મમાં દર્શાવામા આવી છે.

ફિલ્મના ગીતો સંપૂર્ણ પણે રાગો પર આધારિત તૈયાર કરવામાં આવ્યા છે. આ વર્ષે મુકેશજી ગીતો લોકપ્રિય રહ્યા હતા, જે પૈકી ઝૂમતી ચલી હવા.. યાદ આ ગયા કોઈ.. ગીત મુકેશજીના સ્વરમાં રાગ સોહીની પર આધારિત છે. સંગીત કાર એસ એન ત્રિપાઠીએ અહી ત્રણ ભૂમિકા ભજવી છે, ફિલ્મનું નિર્દેશન અને સંગીતની સાથે ફિલ્મમાં સમ્રાટ અકબરનું પાત્ર પણ ભજવ્યું છે. સ્વામી હરિદાસ જે તાનસેનને સંગીતનો અભ્યાસ કરાવેલ તેમની રચના આ ને અહી સ્થાન અપાયું છે. સપ્ત સુરેન ગીત જે મન્ના ડે ના સ્વરમાં રાગ કલ્યાણી પર આધારિત છે, મહેન્દ્ર કપૂર અને લતા જી ના સ્વર માં રાગ ઝી ઝોટી પર આધારિત ગીત, બદલી બદલી દુનિયા હૈ મેરી.. યાદગાર ગીતો માં સ્થાન પામેલ છે, ફિલ્મમાં સતર ગીતોને સ્થાન આપવામાં આવ્યું છે, જયારે ફિલ્મ માટે બાવીસ ગીતો ને તૈયાર કરવામાં આવ્યા હતા, રફી સાહેબના સ્વર માં દિપક જલાઓ ગીત રાગ દિપક પર આધારિત છે. તો રાગ ભૈરવ પર આધારિત ગીત કંથા કંથા જે મન્ના ડે ના સ્વર માં રજૂ થયેલ છે. તે ઉપરાંત કમલ બારોટ, પુર્ણા શેઠ, પંધિનાથ કોલ્હાપૂરેની સાથે લતા જી, આશા જી, રફી સાહેબ અને મન્ના ડે અને મહેન્દ્ર કપૂર દ્વારા ગીતોને સ્વર આપવામાં આવ્યો છે. આ ફિલ્મ અંતિમ ચરણોમાં બ્લેક એન્ડ વ્હાઈટથી કલરમાં રૂપાંતરિત થાય છે. હવે હિન્દી સિનેમાના નિર્માતા અને નિર્દેશકો ધીમે ધીમે રંગીન ફિલ્મો તરફજઈ રહ્યા છે. આગામી અંક માં મુમતાઝના પરિચય અને મનોજ કુમારની સફળ ફિલ્મો સાથે મળીશું. આભાર.

# શ્રાદ્ધપક્ષ અને ખીર એક ઉતમ સ્વાસ્થ્ય રીવાજ

મિત્રો અત્યાર સુધી આપણે આપણા સ્વાસ્થ્ય પ્રત્યે એટલા સજાગ ન હોતા જેટલા છેલ્લા ૩ વર્ષ માં થયા છીએ. કોરોના એ આપણને સ્વસ્થ રહેવાની ફરજીયાત આદત પાડી દીધી છે અને પરિણામે આપણે આહાર – વિહાર બાબતે વિશેષ કાળજી લેતા થયા છીએ. આયુર્વેદમાં સ્વસ્થ રહેવા માટે હજારો વર્ષોથી દિનચર્યા અને ઋતુચર્યાનું વિશેષ મહત્વ બતાવવામાં આવ્યું છે. હાલનાં મહામારીનાં સમયમાં રોગ પ્રતિકારક શક્તિ આપણી સારી હોય તો આપણે કોરોના જેવા રોગ થી બચી શકીએ તે આપણે હવે સારી રીતે જાણીએ છીએ, અને પરિણામે રાતોરાત આપણી રોગ પ્રતિકારક શક્તિ વધે તેવા નુસ્ખા અપનાવવા માંડયા છીએ. આપણે કોઈ સફળ વ્યક્તિને જોઈએ ત્યારે તે વાત કાયમ યાદ રાખવી જોઈએ કે આ સફળતા પ્રાપ્ત કરવા તેમણે દિવસ – રાત કેટલીય મહેનત કરી હશે ત્યારે તેને સફળતા વરી હશે. તેવું જ સ્વસ્થ વ્યક્તિ માટે કહી શકાય. જે વ્યક્તિ સ્વસ્થ હશે જેની રોગ પ્રતિકારક શક્તિ ખુબ સારી હશે તેણે દિવસ – રાત એક કર્યા હશે. એનો અર્થ એ થયો કે સ્વસ્થતા એક આદત છે જે રાતો રાત મેળવી શકાતી નથી, આજનાં સમયમાં એક શબ્દ ખુબ પ્રચલિત છે વયફહવિું હશરય તુહિંય આનો શુદ્ધ અર્થ છે કે એવી આદતો પાડવી કે જેનાથી આપણે બીમાર ન પડી એ.અને આ માટે આયુર્વેદમાં કહેલ દિનચર્યા (સવાર થી રાત્રે સુઈએ ત્યાં સુધીની તમામ બાબતો )નું પાલન કરીએ. આવનારો યુગ વાયરસ નો રહેનારો છે કોરોના જાશે, તો વાયરસ નવા સ્વરૂપે આવશે અને આપણને બીમાર પાડશે અને આવનારા યુગમાં આપણે સ્વસ્થ જીવન જીવવું હશે તો આપણી રોગ પ્રતિકારક શક્તિ વધાર્યા વગર નહિ ચાલે ટૂંકમાં, કુદરત જો દર થોડા સમયે એકાદ નવા વાઈરસ વડેમાનવજાતનું ડેથ વોરંટ બજાવતી હોય, તો તે વોરંટ સામેના 'જામીન પણ કુદરતે જ મનુષ્યના શરીરમાં રોગપ્રતિકારક તંત્રના નામે આપી રાખ્યા છે. બસ જરૂર છે આપણે સ્વસ્થ આદતો પાડવાની અને આ માટે આયુર્વેદે કહેલ દિનચર્યા અને ઋતુચર્યાનાં નિયમોનું પાલન કરવાની. ઋતુનાં બદલાવ સાથે આપણા રીતિ – રિવાજોને આપણા પૂર્વજો એ રીતે ગોઠવેલ હતા કે જેથીએ ઋતુ મુજબ વર્તન કરવાથી આપણું સ્વાસ્થ્ય જળવાઈ રહે પરંતુ કહેવાતા વિકાસશીલ પાશ્ચાત્ય દેશોની વાતોમાં આવી આપણે આ બધા રિવાજોને અંધશ્રદ્ધામાં ખપાવી દીધા. કોરોનાએ આપણને એ વાતનું ભાન કરાવી દીધું કે આપણા જે રિવાજો છે તેની પાછળ મુખ્યત્વે સામાજિક સ્વાસ્થ્ય અને સમાજ વ્યવસ્થાનો હેતુ છુપાયેલો હોય છે. સૌથી વધુ વૈજ્ઞાનિક એવા આપણા દેશને ઓળખીએ, આપણા દેશમાં પ્રચલિત રીતિ – રિવાજો પાછળનું વિજ્ઞાન સમજીએ અને ઋષિમુનીઓએ સુચવેલ દિનચર્યા – ઋતુચર્યાનું પાલન કરીએ અને સ્વસ્થ રહીએ અને ભારતને સ્વસ્થ અને સમૃદ્ધ બનાવીએ. શરદ ઋતુનો પ્રારંભ થઈ ગયો છે, આમ તો શરદ ઋતુ એ તહેવારની ઋતુ છે પરંતુ આ ઋતુમાં પિતનો પ્રકોપ થતો હોવાથી સ્વાસ્થય બાબતે વિશેષ સાવધાની જરૂરી છે. ભાદરવો અને આસો આ બે મહીના શરદઋતુના છે. વર્ષા ઋતુમાં શરીર વરસાદ અને ટાઢથી ટેવાઈ ગયુ હોય છે, જયારે આ ઋતુમાં ઠંડી શરૂ થઈ હોતી નથી પરંતુ ઠંડો પવન રાત્રે અને વહેલી સવારે વહેતો હોય છે અને ગરમી હજુ ઉનાળા જેવી જ હોય છે, તેથી શરદ ઋતુમા સુર્ય ના તાપથી શરીર એકદમ તપવા લાગે છે અને વર્ષાકાળમા શરીરમાં એકઠું થયેલુ માણસોનું પીત આ ઋતુમાં કોપે છે, અને આ બેવડી ઋતુ બીમારીનું કારણ બને છે. શરદ ઋતુમાં પીતનો પ્રકોપ થવાથી આપણું લોહી પણ પહેલાની સરખામણી માં


**ડો. ભાવેશ કે. મહેતા**
**અમરેલી**

ગંદુ થઈ જાય છે, અગ્નિમંદ થાય છે આથી આ ઋતુમાં તાવ, ભુખ ન લાગવી, પાચન ન થવું, તથા ચામડીના રોગો થવાની વધુ સંભાવના હોય છે. આ ઉપરાંત ખાડા–ખાબોચીયામાં એકઠુ થયેલા પાણીને લીધે મચ્છર જન્ય રોગચાળો જેવા કે મેલેરીયા, ડેગ્યુ, ચીકનગુનીયા થવાની વિશેષ સંભાવના રહે છે.શરદ ઋતુએ પિત પ્રકોપની ઋતુ છે આ પ્રકુપીત થયેલ પિતની શાંતી માટે જ આપણે શરદ પુનમની શીતળ ચાંદનીમાં દુધ–પૌવા ખાઈએ છીએ, આ દુધ – પૌવા અને ખીર જેવા પરમ પિત શામક આહાર દ્રવ્યો છે કે શ્રાધ્ધ પક્ષથી લઈ ને દેવ્ – દીવાળી સુધી ખાવા જોઈએ. દુધ, ભાત અને સાકર આ ત્રણેમાંથી જ દુધ–પૌવા અને ખીર બને છે આમ આ પિત પ્રકોપક શરદ ઋતુમાં દુધ – પૌવા અને ખીરખાવી એ એક ઉતમ સ્વાસ્થ રીવાજ છે. છેલ્લા પંદરેક દિવસથી તાવ, માથું દુઃખવું, ચક્કર આવવા, માઈગ્રેન, અરૂચિ, ભુખ ન લાગવી તથા એલર્જી (શીળસ)નાં આવા લક્ષણ વાળા (પિત નાં પ્રકોપવાળા) દર્દીઓનું પ્રમાણ ખૂબ વધ્યું છે. આ શરદ ઋતુ પિત પ્રકોપની ઋતુ છે આ પ્રકુપીત થયેલા પિતના નિહરણ માટે વિરેચન કર્મ એ ઉતમ શોધન ક્રીયા છે એટલે આ ઋતુમાં દર અઠવાડીયે એકાદ વખત સ્વાદીષ્ટ વિરેચન ચુર્ણ જેવા ઔષધોથી હળવો જુલાબ લેવો જોઈએ જેથી પ્રકુપીત થયેલા પિતનું નિષ્કાસન થાય, ખાટુ–આથાવાળી વસ્તુ ખાવાની બંધ કરવી જોઈએ, શકય હોય તો ભાદરવો પુરો થાય ત્યાં સુધી સાંજે જમવામાં રોજ ખીર જ ખાવી જોઈએ. આમ પિતની શાંતી થવાથી પૈતીક વ્યાધીઓની ઉત્પતી થશે નહી અને શરદ ઋતુમાં જો પિત નું શમન થશે તો આખુ વર્ષ તંદુરસ્તી જળવાઈ રહેશે અને એટલે જ આપણી સંસ્કૃતિમાં શતમ જીવ શરદના આશીર્વાદ આપવામાં આવે છે. પૈતિક વ્યાધિઓને આપણે પિતૃ શબ્દ સાથે જોડી દીધી છે આપણા વિચક્ષણ પૂર્વજો જાણતા હતા કે શરદ ઋતુમાં જો પિતનો પ્રકોપ શાંત કરવામાં નહિ આવે તો આખું વર્ષ પીતજન્ય રોગો થશે એટલે સામાન્ય માણસ અનુસરે એટલે તેમણે પિતૃ શાંતિ માટે ખીર ખાવાની અને કાગવાસ નાખવાની એવી વ્યવસ્થા




ગોઠવી, આ સમયે કાગડાનાં બચ્ચાઓનો જન્મ થયો હોય છે. આ બચ્ચાઓ ને સહેલાઈ ખાઈ શકાય તેવા ખોરાકની જરૂર પડે છે જો દૂધ અને ભાત મીક્ષ કરવામાં આવે તો ભાત પોચા થવાથી બચ્ચા સહેલાઈથી ખાઈ શકે અને તેને પોષણ મળી રહે એટલે આપણે કાગડાના બચ્ચા માટે કાગવાસ નાખીએ છીએ.શ્રાવણ અને ભાદરવા માસ દરમ્યાન દૂધાળા પશુઓને વિયાવાનો સમય સહુથી વધુ હોય છે એટલે પશુઓ પુષ્કળ દૂધ આપતા હોય અને પશુપાલકોને પોતાનું દૂધનું માર્કેટ મળી રહે અને તેનું દૂધ વેચાય જાય એટલે શ્રાધ્ધ પક્ષમાં દૂધની વાનગીઓનું સહુથી વધુ ચલણ પીપળોએ ૨૪ કલાક આકસીજન આપનાર વૃક્ષ અને વડલો એ ઘાટો છાયો આપનાર અને જમીન ધોવાણ અટકાવનાર વૃક્ષ આ બંને વૃક્ષનો વંશ પૃથ્વી ઉપર જળવાઈ રહે એ માટે કાગડાને પૌષ્ટીક આહાર આપવો જરૂરી કારણ કે આ બંને વૃક્ષોના છોડ વાવવાથી એ ઊગતા નથી પણ વડલા અને પીપળાના ફળ કાગડો ખાય અને એના બિયા કાગડાના શરીરમાંથી પસાર થાય અને એ બીયા કાગડાની ચરકમાથી નીકળે અને જમીન ઉપર પડે તો જ પીપળો અને વડલો ઊગે અન્યથા ઊગે નહી એટલે કાગડાને પૌષ્ટીક આહાર ખીર અને રોટલી આપવી એવી ઋષીમુનીઓની આજ્ઞા.. ચોમાસાની ભીની ઋતુઓમાં પશુ પક્ષીઓને કયાક ખોરાક સહજતાથી મળતો ન હોય એટલે કાગડો – ગાય – કૂતરૂ – માછલીઓ શ્રાધ્ધની વસ્તુ એને ખવરાવીને મૂંગા જાનવરોને મદદ કરી ખેચર – ભૂચર અને જળચર પ્રાણીઓએને મદદ કરવાની ભાવના અષાઢ માસથી સતત ચાલતું ચોમાસુ એટલે માણસો કયાક બહાર ન નીકળી શકયા હોય એકબીજાને ઘરે જાય અને હળીમળી શકે અને સામાજીક સબંધો વધુ સુદ્રઢ થાય એવી ભાવના સાથે શ્રાધ્ધ પક્ષની ગોઠવણી આ બધા કારણો તો ખરા જ પણ જયાં સુધી માણસોને ભય અને લોભ ન બતાવીએ ત્યાં સુધી એ કયારેય કોઈ કાર્ય ન કરે એટલે પુરાણ આધારીત ભાદરવા માસ દરમ્યાન પિતૃલોકના પિતૃઓ પૃથ્વીની સહુથી વધારે નજીક હોય એટલે પોતાના પૂર્વજોને યાદ કરી એમનું ઋણ અદા કરી એના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે પિતૃ સ્મરણ કરવા માટે એમને યાદ કરી પિંડદાન – પિતૃતર્પણ અને શ્રાધ્ધ વિધી કરવી એવી ઋષીમુનીઓની આજ્ઞા

**મર્મ બિંદુ :–** આપણા તમામ રિવાજો (સનાતન ધર્મના) પાછળ સામાજિક આરોગ્ય, સામાજિક વ્યવસ્થા અને પ્રકૃતિનું સંતુલન જાળવવાનો હેતુ છુપાયેલો હોય છે આવા રીતિ – રિવાજોને વૈજ્ઞાનિક રીતે જોઈએ, તેને સમજીએ અને તે મુજબ વર્તન કરી સ્વસ્થ જીવન જીવીએ..

# એક અનોખી કહાની

સાંજ થવા આવી હતી. રસ્તાની એક તરફ રાજેશ કોઈની રાહ જોઈ રહયો હતો. જો આજે સપના તેને મળવા નહિ આવે તો પછી તે તેને કયારેય નહિ જોઈ શકે, આવતીકાલે પૂનમ હતી, રાજેશ શહેર છોડીને જતો રહેવાનો હતો, પછી પાછો કયારે આવે તે નકકી કહી, કયાં જવાનો છે ? તે કોઈને ખબર ન હતી, તેથી તેણે છેલ્લી વાર સપનાને બોલાવી હતી, સપના આ વાતથી સાવ અજાણ જ હતી.

થોડી વારમાં જ સપના આવતી દેખાઈ તેને બે ઘડી માટે રાજેશ જોઈજ રહયો તેને છુટ્ટા વાળ રાખ્યા હતા. વાઈટ ડ્રેસ તેને ખુબ જ સ્યુટ કરી રહયો હતો. આજે તે દરરોજ કરતા વધારે સુંદર લગતી હતી. રાજેશને તેને મુકીને જાવું ગમતું ન હતું, કાયમનાં માટે તેની સપનાથી દુર એ વિચારોના વમળોમાં ડૂબેલો હતો કે સપના તેની સાવ નજદીક આવી ગઈ તેનો તેને ખ્યાલ જ ના રહયો.

''રાજ હું જાવ છું કાયમનાં માટે તમારાથી દુર' કહેતા જ તેની આંખોમાં આંસુ આવી ગયા. અને તે ત્યાંજ ચોધાર આંસુએ રડી પડી.

તેના આ શબ્દો સાંભળીને રાજેને ખુબજ નવી લાગી, કેમ કે તે પણ આજે આ જ વાત સપનાને કહેવા જ આવ્યો હતો, તે જે કહેવા ઈચ્છતો તે જ શબ્દો તેને સપને કહયા, તે શું બોલે તે તેને કાંઈ સમજાતું ન હતું. સુર્ય અસ્ત થવાની તૈયારીમાં જ હતો, રાજને આજે મનભરીને તેની સપના સાથે વાત કરવી હતી, પણ સમય જ ના હતો તેની પાસે,

સપના હું પણ તારી સાથે એક અગત્યની વાત કરવા માંગુ છું, પ્લીઝ તું મારી સાથે ચાલ કહી રાજ બાઈક પર બેઠો કે સપના એ તેને કારમાં જવા ઈશારો કર્યો, થોડીવારમાં બંને નદીનાં કિનારે રેતીમાં પહોચ્યા, બંને આજે મૌન હતા, કહેવું તો બંનેને હતું, પણ બંન્ને આજે એકબીજાની રાહ જોઈ રહયા હતા.

અંતે રાજ બોલ્યો ' મને માફ કરજે સપના. હું અત્યાર સુધી તને કોઈ ખુશી નથી આપી શકયો, આજે મેં તને એટલા માટે બોલાવી હતી કે હું તને મારા જીવનની હકીકત કહેવા માંગુ છું, આ વાત માટે તને ન કહેવી જોઈએ, તું મને વચન આપકે મારા ગયા પછી પણ તું હંમેશા આમ જ ખુશ રહીશ, આજે મારો છેલો દિવસ છે, કાલે હું હોવ કે નહિ તે મારો ઈશ્વર જ જાણે છે.'

**''મતલબ એમ જ કે આજે મારો છેલ્લો દિવસ છે''**

# '' લાઘવિકા''

ત્રણેય શિક્ષકો સમયસર શાળાએ પહોંચી ગયા વારાફરતી પિરિયડ લઈ રહ્યા હતા.એવામાં થોડીવાર બાદ ત્રણ બેલ રીશેષના પડ્યા.એટલે પહેલા ત્રણેય શિક્ષકો શાળાએ તો સમયસર સાથે આવે જ,પણ જમવામાં પણ ત્રણેય શિક્ષકો સાથે બેસે.કામમાં અને જમવામાં પંગત જુદી નહોતી પડતી.પણ...... એન.પી.એસ.અને યુ.પી. એસ.વાળા સાહેબોને મનમાં ને મનમાં નાત બહાર હોવાનો વસવસો તો ખૂબ રહેતો.છતાં પણ ગાલ પર ધોલ મારી ગાલ લાલ રાખતા હતા.એમ તો ઓ.પી. એસ.વાળાને પણ મનમાં એમ થયા કરે કે આ લોકો પણ આપણી સાથે આવી જાય તો ખૂબ સારું.ત્રણેયના ટિફિન પણ ત્રણ ખાનાનાં હતા. એન.પી.એસ., યુ.પી. એસ. અને ઓ.પી. એસ.થી ભરાયેલા હતા. ટિફિનના ત્રણ ખાના ખોલી ત્રણેય સાથે જમવા બેઠા જેમાં એક એન પી.એસ વાળા શિક્ષક હતા એક યુ.પી.એસ.વાળા શિક્ષક હતા.અને એક ઓ.પી.એસ. વાળા શિક્ષક હતા.ત્રણેય સાંજે સ્કૂલ છૂટયા બાદ સમય સર ઘરે ગયા.આમ ક્રમશ નિત્ય ક્રમ અવિરત ચાલતો રહ્યો.અઠાવને નિવૃત્ત થતા સે છૂટા પડ્યા ત્યારે એક બીજાને ભેટી પડ્યા અને ખૂબ દુઃખ વ્યક્ત કર્યું. એન.પી.એસ.વાળા શિક્ષકે તો સામેથી સન્માન પત્ર પણ માંગ્યું અને મારી પેન્શન ટેન્શન વેદના લખજો એવી ભલામણપણકરીકેજેથીસીધુ જહુંમોકલવાજગ્યાએમોકલી શકુ.સન્માન પત્રનું ટાઈટલ હતું.નિવૃત્તિ કો સજાના '– **મયૂર દવે'**

# ગણપતિ ઉત્સવ

ગણેશોત્સવ ભાદરવા સુદ ચોથ શુકલ પક્ષમાં ચોથથી ચૌદસ સુધી ગણેશોત્સવ મનાવવામાં આવે છે. ઠેર ઠેર વિવિધ સ્થળે ગણેશોત્સવ ઉજવવામાં આવે છે. અલગ – અલગ જગ્યાએ ગણપતિદાદાનાં પંડાલ બનાવે છે. તેને શણગારવામાં આવે છે. અને પ્રસાદ ધરવામાં આવે છે. ગણપતિ દાદા વિઘ્નહર્તા છે. તેની સ્તુીત આરતી કરવામાં આવે છે. દાદા સૌના વિઘ્નો હરજો.

સિદ્ધિવિનાયક ઝઘડા સંકટ દુર કરવા અને સુખ શાંતિ કલ્યાણ કરનારા પણ છે. કોઈપણ શુભ કાર્યમાં સૌથી પહેલી પુજા ગણપતિદાદાની કરવામાં આવે છે. ગણપતિદાદાની સવાર સાંજ પુજા કરવામાં આવે છે.બને ત્યાં આરતી કરવામાં આવે છે. ગણપતિદાદા સંકટ નિવારણ કરનાર છે. ગણપતિદાદાને ગજાનંદ ગણેશ વગેરે નામથી ઓળખાય છે.

આ બધા ગણપતિદાદાનાં નામ છે. દુઃખ હરનાર ગણપતિદાદા છે. કોઈપણ શુભ કાર્યની શરૂઆત આપણે ગણપતિ દાદાની પુજાથી જ કરીએ છીએ.

ગણેશ ઉત્સવ ભાદરવા સુંદર ચોથથી ચૌદશ હશે એટલે કે અનંત ચૌદશ સુધી ઉજવવામાં આવે છે.

**દીપ્તિ પી. રાવલ,**
**ઉપલેટા, જિ. રાજકોટ**

# અમરેલી : ગજેરા સ્કુલનો એસ.જી.એફ.આઇ. જુડો સ્પર્ધામાં ૩૧ ગોલ્ડ, ૧૪ સિલ્વર અને ૧ બ્રોંઝ મેડલ પ્રાપ્ત કરી જુડોની રમતમાં દબદબો







તાજેતરમાં હાલમાં અખિલ ભારતીય શાળકીય રમોત્સવ રમાઈ રહ્યો છે જે અંતર્ગત જીલ્લા લેવલની જુડો સ્પર્ધાનું આયોજન તારીખ ૬/૯/૨૪ના રોજ અમરેલી મુકામે કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર સમગ્ર જીલ્લામાંથી યુ–૧૪, યુ–૧૭, યુ–૧૯ કેટેગરીના ભાઈઓ અને બહેનોએ ભાગ લીધો હતો. જેમાં સ્પર્ધકોએ પોતાની તાકાત અજમાવી હતી. આ સ્પર્ધામાં બહેનોમાં રશપ્રદ ટકકરો જોવા મળી હતી, જેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ, શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા, સ્કુલ સ્પોર્ટસ સ્કૂલ અને જ્ઞાન શકિત રે. સ્કૂલ ઓફ એકસેલન્સના ખેલાડીઓ યુ–૧૪ બહેનોમાં ચેમ્પિયન કાનાણી ત્રીશા, પેથાણી કાવ્યા, ગોસ્વામી ક્રેયાપ, ગઢિયા તમ્મના, રાઠોડ યસ્વિ, રામાણી ધ્રુવી, ડાભી યશસ્વી, ભટ્ટી દિયા, વકાતર ખુશાલી. યુ–૧૪ ભાઈઓમાં ચેમ્પિયન નાકિયા ઈશ્વર, વાલા નુમરાજ, બરવાંડિયા ફેનીલ, પટેલ મન, જાપડિયા અજીત, ઢાકેચા ભવ્ય. યુ–૧૭ બહેનોમાં ચેમ્પિયન પંડયા રૂદ્રિકા, જતાપરા જાનવી, લુણાગરીયા શ્રેયા, વાઢેર આસ્થા, ચાવડા ત્રિશા, સાવરલીયા સારથી, રાજભર કુસુમ. યુ–૧૭ ભાઈઓમાં ચેમ્પિયન મેણીયા કલ્પેશ, કલસરીયા અંકિત, સાવલીયા શ્યામ, મકવાણા કુલદિપ, પટેલ હિલ, રૈયાણી ધવલ, રાઠોડ ભાવેશ, કુવાડિયા મિતેશ. યુ–૧૯માં બહેનોમાં ચેમ્પિયન ધાંધલ વિધિ, ચૌહાણ પૂજા, દવે વિશ્વ, બાકું મનસ્વી, હરિપરા વૃંદા, ઠુંમ્મર અનેરી, વંશ જીજ્ઞા, ઢોલરીયા હાર્દિક. યુ–૧૯ ભાઈઓમાં ચેમ્પિયન મકવાણા હાર્દિક, નંદવાણા રવિરાજ, મુલિયા તુષાર, જેઠવા સુખદેવ, પટણી અરમાન, મકવાણા આરરદીપ, રાદડીયા પલ, કથિરીયા જસ્મીન, પરમાર કરણ મેડલ પ્રાપ્ત કરી અમરેલી જીલ્લા અને શાળાનું ગૌરવ વધાર્યુ હતું. આ ખેલાડીઓને કોચ ધ્રુવરાજસિંહ દ્વારા ટ્રેનિંગ આપવામાં આવી રહી છે. તેમજ વિજેતા થયેલ સ્પર્ધકો હવે રાજય કક્ષાએ ભાગ લેશે. આ તકે સંસ્થાના પ્રમખુ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ, કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ અભિનંદન પાઠવ્યા હતાં.

પાના ૮ ઉપરનું ચાલું

## નરેન્દ્ર મોદીએ ખાતમુર્હુત કરેલ

મંજુરી આપી હતી, ઉપરાંત ઈંગ્લેન્ડ, ફ્રાંસ અને જર્મનીની એજન્સીઓના અહેવાલ બાદ તત્કાલીન રાજય સરકારની વસોયા સમિતિએ આ યોજના સાકર કરવાની લીલીઝંડી આપતો અહેવાલ આપેલ હતો, આ ખાડી પુલની યોજનામાં ભાવનગરના ગુંદાળાથી ભરૂચના દેવલા વચ્ચે ખંભાતના અખાત ઉપરના આ પુલના પ્રોજેકટની લંભાઈ ૧૮ કીમી હતી, ૧૨ કીમી એપ્રોચ રોડ,પુલ પર રોડ–રેલ્વે ટ્રેક, પુલની નીચે ગેસ–પાણીની પાઈપ લાઈન પસાર થનાર હતી અને માત્ર ભાવનગર નહી પરંતુ સમગ્ર સૌરાષ્ટ્રના વિકાસ માટે પ્રાણવાયુ બની શકે તેવો આ પ્રોજેકટ હતો. પરંતુ આ તો કોંગ્રેસ સરકારની યોજના છે એ કેમ ચલાવી લેવાય આ માનસિકતાએ સૌરાષ્ટ્રના વિકાસ માટે પ્રાણવાયુ સમાન ખાડીના પુલની યોજનાને અભેરાય પર ચડાવીને વિષ્ણુના ૧૧ મા અવતારે કલ્પસર યોજનાના નામે ડ્રીમ પ્રોજેકટનુ સપનુ દેખાડયુ, આજે રાજય સરકારે તેને મરણ પથારીએ મુકી દીધો પરંતુ ભાવેણાવાસીઓના ઘરે કલ્પસરના ડ્રીમ પ્રોજેકટના સપનાનુ ગાજર લટકે છે.

ભાવનગર અને સૌરાષ્ટ્રને વિકાસથી વંચિત રાખવાનો ભાજપા સરકારનો આ કારસો સમજદારી ભર્યો છે. ખાડી પુલ પ્રોજેકટ હાથ ઉપર લેવો નથી અને કલ્પસરનો ડ્રીમ પ્રોજેકટ પુરો કરવો નથી. નિર્દોષ ભાજપાના એક આગેવાને નામ ન આપવાની શરતે કહ્યુ કે અમારા મોટા નેતાઓને છાસવારે સપના આવે છે કેટલા પુરા કરે ? એટલે આપણે સમજી જવુ જોઈએ કે ભાજપા નેતાઓને આવા મહાન સપના આવ્યે જ રાખશે એવા સપનામાં જનતાનો કોઈ ઉદ્ધાર નથી, એટલે ભાજપાને જવાબ દેવા માટે જનતાને સમજદારી ભર્યા સપના આવે ત્યારે જ વિકાસને પગ આવશે.

કોંગ્રેસ પક્ષની સીધી માંગ છે કલ્પસર યોજનાની ખરી હકીકત જનતાની સામે મુકો અને ડ્રીમ પ્રોજેકટને પુર્ણ કરો.

## અવસાન નોંધ

**અમરેલી:** અમરેલીનિવાસીહરીશભાઈ કે. સોલંકી (ઉ.વ. ૬૬) તેસ્વ. કેશવભાઈ વિરજીભાઈ સોલંકીના પુત્ર, ગં.સ્વ. ભાવનાબેનના પતિ તથા હાર્દિકભાઈ, ધાર્મિકભાઈના પિતા તથા કાંતિભાઈ, ગીરધરભાઈ, સ્વ. વસંતભાઈ, ધનસુખભાઈ, સ્વ. પ્રવીણભાઈના ભાઈ તથા સ્નેહાબેન હાર્દિકભાઈ સોલંકીના સસરાનું તા. ૧૪ના રોજ અવસાન થયું છે. સદગતનું બેસણું તા. ૧૬ને સોમવારના સાંજે ૪ થી ૬ સહજ હોલ, ચક્કરગઢ રોડ, ફાટક પાસે, અમરેલી ખાતે રાખેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૮૧૫ | ૧૧૪૩ |
| ૨ | શિંગાદાણા ફાડા | ૧૧૨૫ | ૧૩૦૦ |
| ૩ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૭૯૮ |
| ૪ | તલ કાળા | ૩૦૦૦ | ૩૭૬૦ |
| ૫ | તલ કાશ્મીરી | ૩૨૨૫ | ૩૩૯૬ |
| ૬ | બાજરો | ૪૫૦ | ૫૦૨ |
| ૭ | જુવાર | ૬૫૦ | ૭૮૮ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૬૪૦ |
| ૯ | ઘઉં લોકવન | ૪૮૦ | ૬૦૪ |
| ૧૦ | મગ | ૭૩૫ | ૧૬૦૫ |
| ૧૧ | અડદ | ૧૨૧૦ | ૧૬૦૧ |
| ૧૨ | ચણા | ૯૭૫ | ૧૫૪૫ |
| ૧૩ | ચણા દેશી | ૧૫૯૨ | ૧૬૨૫ |
| ૧૪ | સફેદ ચણા | ૧૦૦૧ | ૨૬૦૦ |
| ૧૫ | કપાસ | ૯૬૬ | ૧૬૭૯ |
| ૧૬ | એરંડા | ૧૦૦૦ | ૧૦૬૯ |
| ૧૭ | જીરૂ | ૪૨૯૦ | ૪૫૫૫ |

પાના ૧ ઉપરનું ચાલું

## ચલાલામાં પાલિકાનાં

જંતુનાશકદવાઓનોછંટકાવનથતાંહાલ ચલાલા શહેરમાં મચ્છર અને મચ્છરજન્ય મેલેરિયા, ઝેરી મલેરિયા, ડેન્ગ્યુ જેવાં રોગચાળાએ હાહાકાર મચાવ્યો છે. ત્યારે હાલ ચલાલા શહેરમાં ઘરે ઘરે બીમારીનાં ખાટલાઓ છે અને શહેરની દરેક હોસ્પિટલમાં દર્દીઓ ઉભરાઈ રહ્યા છે. ત્યારે હાલ આ ગંભીર બીમારીને રોકવા તંત્ર અને જવાબદાર પદાધિકારીઓ યોગ્ય પગલાં નહી ભરે તો આ ગંભીર જીવલેણ બીમારી ચલાલા શહેરમાં મહામારીનું ભયંકર રૂપ ધારણ કરે તેવી દહેશત છે. ત્યારે આજે શહેરની જનતા સરકારી તંત્ર અને જવાબદાર પદાધિકારીઓની અણ આવડત અને સતત ઓરમાયા વર્તનથી શહેરની એક પછી એક જન ઉપયોગી આવશ્યક સરકારી સવલતો છિનવાતી જાય છે. ચલાલા શહેરનો સર્વાંગી વિકાસ ઝંખતી જનતા માટે વિકાસ દિવાસ્વપ્ન અને ઝાંઝવાંનાંજળ સમાન બની ગયો છે. ત્યારે જવાબદાર સરકારી અધિકારીઓ અને પદાધિકારીઓ કોઈ પણ અકળ કારણોસર શહેરનો વિકાસ ન કરે પણ કમ સે કમ આવી વિકટ ગંભીર અને રોગચાળાના કટોકટીનાં સમયે આજે જયારે શહેરની જનતા ગંભીર બીમારીઓમાં પટકાઈ છે, ઘરે ઘરે ગંભીર બીમારીઓનાં ખાટલાઓ છે, હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહી છે તેવી દૈનિક અને ભયાવહ પરિસ્થિતિ છે. ત્યારે આ ગંભીર રોગચાળો શહેરનાં શહેરીજનો માટે પ્રાણઘાતક સાબિત થાય તેવી ગંભીર પરિસ્થિતિનું નિર્માણ થયું છે. ત્યારે આ ગંભીર બીમારી અટકાવવા તંત્ર સફાઈ કામ માટેનાં તમામ વાહનો શરૂ કરાવી શહેરમાં યોગ્ય સફાઈ, નિયમિત ફોર્ગીંગ મશીન ફેરવી, નિયમિત જંતુનાશક દવા છંટકાવ કરી આ ગંભીર પરિસ્થિતિમાં જનતાનાં હિતાર્થે તમામ સત્તાધીશો સત્તાને સેવાનું માધ્યમ નહી અને પોતાની જવાબદારીનાં ભાગરૂપે પણ નહી પરંતુ માનવતાનાં ધોરણે ચાલીસ ત્વરિત યોગ્ય કરે તેવી અખબારી યાદીમાં અશોકસિંહ તલાટીયા જણાવે છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૧૧ | ૧૪૨૬ |
| ૨ | મગફળી | ૯૨૫ | ૯૨૫ |
| ૩ | ઘઉં | ૪૦૧ | ૫૪૬ |
| ૪ | એરંડા | ૧૧૩૨ | ૧૧૩૨ |
| ૫ | જીરૂ | ૩૯૫૦ | ૩૯૫૦ |
| ૬ | સોયાબીન | ૮૬૪ | ૮૬૪ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૯૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૧ | ૧૧૦૨ |
| ૩ | શીંગ નવી | ૬૫૦ | ૭૭૧ |
| ૪ | તલ સફેદ | ૨૨૨૫ | ૨૭૮૪ |
| ૫ | તલ કાળા | ૩૫૫૦ | – |
| ૬ | કપાસ | ૧૫૦૦ | ૧૬૭૦ |
| ૭ | કપાસ નવો | ૧૩૫૦ | ૧૬૦૮ |
| ૮ | ઘઉં લોકવન | ૫૨૦ | ૬૧૨ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૧૧ |
| ૧૦ | બાજરો | ૪૫૦ | – |
| ૧૧ | જુવાર | ૪૭૦ | ૭૧૦ |
| ૧૨ | મગ | ૧૪૭૪ | ૧૫૦૨ |
| ૧૩ | ચણા | ૧૩૦૦ | ૧૪૭૪ |
| ૧૪ | તુવેર | ૧૫૦૦ | – |

હિરપરાએ વિજ્ઞાન જાથાની પ્રવૃત્તિ સમાજને ફાયદો થયો છે તેના દાખલા આપ્યા હતા. છાત્ર–છાત્રાઓને સ્મશાનમાં લાવવાથી તર્કને પ્રાધાન્ય આપશે. ઉપરાંત ભય, ડર, ભ્રામકતા વિશે આત્મમંથન કરી સાચી સમજણ કેળવશે તેવી આશા રાખી હતી.

પ્રારંભમાં ૪૫૦ છાત્ર–છાત્રાઓને કહેવાતી મેલીવિદ્યાની નનામીને ઉપાડી અંધશ્રદ્ધા વિરૂદ્ધ સુત્રોચ્ચાર કરી વૈજ્ઞાનિક મિજાજના દર્શન કરાવ્યા હતા. નનામીને સ્મશાનમાં ખાટલે અને વિદ્યુત– ઈલેકટ્રીકથી અગ્નિદાહનો તફાવતની જાણકારી આપવામાં આવી હતી. ભૂત–પ્રેત, ડાકણ, ચુડેલ વિગેરે મનની ત્રુટિમાંથી ઉદભવેલી કાલ્પનિક વાર્તાથી જ છે હકિકત નથી. મશાલ સરઘસથી જ્ઞાન–વિજ્ઞાન હંમેશા સદાબહાર છે તેને દેશના સિમાડા નડતા નથી તેથી જ્ઞાન સંબંધી આગળ વધવું જોઈએ. શૈક્ષણિક સંકુલનો નૂતન પ્રયોગ સફળ રહ્યો હતો.

જાથાના ચેરમેન–એડવોકેટ જયંત પંડયાએ એસ.પી.એસ.એ સ્મશાનમાં કાર્યક્રમ યોજવા બદલ અભિનંદન આપ્યા હતા. છાત્ર–છાત્રાઓ હંમેશા નવા વિચારોને આવકારે છે. જ્ઞાન પદ્ધતિ સર્વાંગી લાભકારક છે. સદીઓ જુના રદ્દી વિચારોને તિલાંજલિ આપવી જોઈએ. સદીઓથી ચાલી આવતી પરંપરાઓ, ગેરમાન્યતા, કુરિવાજોને ફગાવવા જોઈએ. પોતાના ઘરેથી પહેલ કરવી જોઈએ

પાના ૮ ઉપરનું ચાલું

## દુનિયામાં ભૂત–પ્રેત

બોલીએ છીએ તેનું આચરણ થવું જોઈએ. માનવીનું ૨૧મી સદીને અનુરૂપ વર્તન–વાણી હોવા જોઈએ. અંધવિશ્વાસથી માનવજાતને ભારોભાર નુકશાન થયું છે હવે જાગવાની જરૂર છે. શ્રધ્ધા– અંધશ્રદ્ધાનો ભેદ પારખવો જોઈએ. વિજ્ઞાન અભિગમ–દ્રષ્ટિકોણ આવવાથી કુટુંબ, સમાજ, રાષ્ટ્રને ફાયદો થાય છે. વાસ્તવવાદ– પુરૂષાર્થવાદ અપનાવવો જોઈએ. માનવધર્મ–રાષ્ટ્રધર્મ દેશ માટે લાભકારક છે. જાતિવાદ–કોમવાદને જાકારો આપવો પડશે.

વિશેષમાં જાથાના પંડયાએ જણાવ્યું કે, દર વર્ષે કાળીચૌદશ દિને સ્મશાનમાં અવનવા પ્રયોગો કરી લોકોને તેની જાણકારી આપવામાં આવે છે. નિરંતર પ્રેકટીસ કરવામાં શરીરના કદ પ્રમાણે બેડાનું પાણી–દૂધ, ગરમ તેલથી શરીર ઉપર સ્નાન, મનની વાત, હેરતભર્યા પ્રયોગો વિજ્ઞાનની મદદથી કરી શકાય છે તેમાં કોઈ ચમત્કાર નથી. ચમત્કારિક પ્રિય માનસિકતાના કારણે માનવી દુઃખી છે. એકના ડબલ, ગુપ્ત ધન, રૂપિયાના વરસાદની ઘેલછાથી આજે પણ લોકો છેતરાય છે. જમીનમાં મૂર્તિનું નીકળનું વિગેરે પ્રક્રિયા કરનારા શ્રદ્ધાળુઓનું શોષણ કરવા તરકીબ અજમાવે છે તેનાથી સાવધાની રાખવી જોઈએ. વિજ્ઞાન બ્રહ્માંડના રહસ્યો ખોલવા સતત પ્રયત્નશીલ છે. માનવીએ ચંદ્ર–મંગળ ઉપર વસવાટની તૈયારી આરંભી છે તેને અનુરૂપ વર્તન હોવું જોઈએ. વિજ્ઞાનથી માનવજાત સુખી–સંપન્ન થયો છે. અજ્ઞાનતાનો લેભાગુઓ લાભ મેળવે છે. ગ્રહો કે ગ્રહણો કદી નડતા નથી, જીવતા માણસો જ નડે છે. માણસને અહંમ, પૂર્વગ્રહો નડે છે. અનુભવથી ઘણું શીખવાનું મળે છે. મગજની સંગ્રહ શકિતમાંથી માત્ર આઠ ટકા જ ઉપયોગ કરવામાં આવે છે. બુદ્ધિશકિત અમાપ છે. છાત્ર–છાત્રાઓને નવા સંશોધનો માટે પ્રેરણા આપવામાં આવી હતી.

જાથાના જયંત પંડયાએ જસદણ ગામની વિશિષ્ટતાની વાત કરી હતી, અંધશ્રદ્ધા તેમાંનો એક ભાગ છે તેને જલ્દી તિલાંજલિ આપવી પડશે. માથા ઉપર સળગતી સગડી રાખી પ્રયોગ નિદર્શન કરવામાં આવ્યું હતું. ચમત્કારો પાછળના રહસ્યોની પોલખોલ કરવામાં આવી હતી. હાથમાંથી લોહી નીકળવું, અગ્નિનું આપોઆપ પ્રાગટય, હાથ–માથા ઉપર દીવા રાખવા, સળગતા અંગારા મોઢામાં ખાવા જેવા પ્રયોગો કરી શીખડાવી દેવામાં આવ્યા હતા. માનવીની અજ્ઞાનતામાંથી ચમત્કારનો જન્મ થયો છે. ધાર્મિક ત્યૌહારના અમલમાં સંયમપૂર્વકનું વર્તન હોવું જોઈએ. મૂર્તિ વિસર્જન વખતે શ્રદ્ધાળુઓના પાણીના ડુબવાથી મોત થાય છે ત્યારે આઘાત– પીડા થાય છે. મોતનું નિવારણ આપણે જ કરવું પડશે. સ્મશાન સંબંધી સદીઓ જુની માન્યતા–પરંપરાઓનું ખંડન કરવામાં આવ્યું હતું. છાત્ર–છાત્રાઓએ હોંશભેર ભાગ લીધો હતો.

સ્મશાનમાં જે.ડી. ઢોલરીયા, ધીરૂભાઈ સાયાણી, તેની ટીમે ઉત્કૃષ્ઠ કામગીરી કરી હતી. સંકુલના કેવલભાઈ હિરપરા અને પરેશભાઈએ સંચાલન કર્યું હતું.

જાથાના અંકલેશ ગોહિલ, રોમિત રાજદેવ, રવિ પરબતાણી, ગુલાબસિંહ ચૌહાણ, વિનુભાઈ લોદરીયા, જયસુખ રામાણી, ભાનુબેન ગોહિલે પ્રયોગ નિદર્શન સાથે તૈયારીમાં ભાગ લીધો હતો.

જસદણ પોલીસ સ્ટેશનમાંથી પો.ઈન્સ. ટી.બી. જાનીના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઈ. જેન્તીભાઈ ધીરૂભાઈ, એ.એસ.આઈ. મામૈયાભાઈ મોતીભાઈ, ઘુડાભાઈ હેમતભાઈ, સંજયભાઈ પુરૂષોતમભાઈ, કિશોરભાઈ જેસંગભાઈ, પારસભાઈ હમીરભાઈ, લાલજીભાઈ ભરતભાઈએ બંદોબસ્ત જાળવ્યો હતો. માહિતી માટે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવો.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૯૭ |
| ૨ | સોયાબીન | ૮૪૦ | ૮૪૦ |
| ૩ | ઘઉં લોકવન | ૫૫૦ | ૫૫૦ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૫૦ |
| ૫ | જુવાર | ૪૦૫ | ૪૦૫ |
| ૬ | બાજરો | ૩૯૦ | ૩૯૦ |
| ૭ | મગફળી | ૬૦૦ | ૬૦૦ |
| ૮ | ચણા | ૧૩૦૦ | ૧૪૦૦ |
| ૯ | મગ | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ૧૦ | ધાણા | ૧૧૯૫ | ૧૧૯૫ |
| ૧૧ | તલ સફેદ | ૨૪૩૫ | ૨૫૨૫ |
| ૧૨ | અડદ | ૧૨૦૫ | ૧૨૦૫ |
| ૧૩ | જીરૂ | ૩૭૦૦ | ૩૭૦૦ |
| ૧૪ | તલ કાળા | ૩૨૩૫ | ૩૨૩૫ |
| ૧૫ | તુવેર | ૧૦૪૦ | ૧૦૪૦ |
| ૧૬ | શીંગફાડા | ૧૧૦૦ | ૧૩૦૫ |
| ૧૭ | રાય | ૯૦૦ | ૯૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૬૧ | ૧૬૬૯ |
| ૨ | જીરૂ | ૪૦૫૦ | ૪૫૫૦ |
| ૩ | ઘઉં | ૪૯૫ | ૫૫૫ |
| ૪ | મગ | ૧૪૯૫ | ૧૬૩૫ |
| ૫ | તલ સફેદ | ૨૧૧૦ | ૨૬૦૦ |
| ૬ | અડદ | ૧૨૫૫ | ૧૬૦૫ |
| ૭ | મેથી | ૭૯૫ | ૮૦૫ |
| ૮ | મગફળી નવી | ૮૯૫ | ૯૦૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૧૭૫ | ૨૬૮૧ |
| ૨ | કપાસ | ૧૨૫૧ | ૧૬૭૦ |
| ૩ | બાજરો | ૪૦૦ | ૬૫૦ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૬૩૭ |
| ૫ | જુવાર | ૪૬૦ | ૮૨૬ |
| ૬ | ચણા | ૧૩૮૨ | ૧૪૦૧ |
| ૭ | સોયાબીન | ૮૧૬ | ૮૧૬ |

# ચિતલ : સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આયુષ્યમાન ભવ: કાર્યક્રમ અંતર્ગત કેમ્પ રાખવામાં આવ્યો





સા.આ.કે. ચિતલ ખાતે તા. ૧૨/૯/૨૪ને ગુરૂવારના રોજ સરકારના આયુષ્યમાન ભવ : કાર્યક્રમ હેઠળ સર્વરોગ નિદાન કેમ્પ શાંતાબા મેડીકલ કોલેજ એન્ડ જનરલ હોસ્પિટલ અમરેલીના સહયોગથી સવારે ૯ કલાકથી ૧૨:૩૦ કલાક સુધી કેમ્પનું આયોજન ડો. રાજીવકુમાર સિન્હા, તાલુકા હેલ્થ ઓફીસર અમરેલીના નેજાહેઠળ તેમજ તેમની રૂબરૂ હાજરીમાં ડો. ધર્મેશ.પી.ગાંધી, અધિક્ષક સા.આ.કે ચિતલ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. જે કેમ્પમાં ડો. સેજલબેન રામાવત–દંત સર્જન, ડો. સ્વીટી જોધાણી, મેડિકલ ઓફીસર વર્ગ–૨ ડો. ધ્રુવિન સાકરીયા મેડીકલ ઓફીસર વર્ગ–૨, તથા વર્ગ ૩ તથા ૪ ના કર્મચારીઓએ આવેલ તજજ્ઞ ડોકટરોનું અભિવાદન સ્વાગત કરવામાં આવેલ. ચિતલ તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના દર્દીઓએ બહોળી સંખ્યામાં આ કેમ્પનો લાભ લીધેલ હતો. જેમાં શાંતાબા મેડીકલ કોલેજ એન્ડ જનરલ હોસ્પીટલ–અમરેલીના સ્ત્રીરોગ, બાળરોગ, ફીઝીશીયન, ઓર્થોપેડીક, કાન–નાક ગળા, જનરલ સર્જન, ફેફસા અને ટી.બી, માનસિક રોગ, ચાકડી રોગ, વિગેરેના નિષ્ણાંત ડોકટરઓએ તેમની સેવાઓ આપેલ હતી. તેમજ કુલ ૧૪૭ લાભાર્થીઓ દ્વારા આ કેમ્પમાં લાભ લેવામાં આવેલ હતો.આ કાર્યક્રમનું ને સફળ બનાવવામાં ડો. ડી.પી. ગાંધી અધિક્ષક તેમજ લિખિત મહેશભાઈ જોગી–એકાઉન્ટન્ટ આસીસ્ટન્ટ તેમજ હોસ્પિટલ તમામ સ્ટાફ દ્વારા સહયોગ આપવામાં આવેલ હતો.

### એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં જીતનો સિલસિલો યથાવત રાખ્યો

# ભારતીય હોકી ટીમે પાકિસ્તાનને ૨-૧થી હરાવ્યું, સતત પાંચમી જીત

## ભારત માટે બંને ગોલ કેપ્ટન હરમનપ્રીત સિંહે (૧૩મી મિનિટ અને ૧૯મી મિનિટે) કર્યા : પાકિસ્તાન તરફથી એકમાત્ર ગોલ અહેમદ નદીમે કર્યો હતો

બેઈજીંગ, તા.૧૪

ભારતીય હોકી ટીમે એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૪માં તેની જીતનો સિલસિલો જારી રાખ્યો છે. ભારતે આજે શનિવારે ચીનના હુલુનબુહર ખાતે રમાયેલી મેચમાં કટ્ટર હરીફ એવા પાકિસ્તાનને ૨-૧થી હરાવ્યું છે. ભારત માટે બંને ગોલ કેપ્ટન હરમનપ્રીત સિંહે (૧૩મી મિનિટ અને ૧૯મી મિનિટે) કર્યા હતા. બીજી તરફ પાકિસ્તાન તરફથી એકમાત્ર ગોલ અહેમદ નદીમે (૭મી મિનિટે) કર્યો હતો. આ ટુર્નામેન્ટમાં ભારતીય હોકી ટીમની આ સતત પાંચમી જીત હતી. ભારતીય ટીમ પહેલાથી જ સેમીફાઈનલમાં પહોંચી ગઈ હતી.મેચ દરમિયાન પહેલા ક્વાર્ટરમાં બંને ટીમો વચ્ચે જોરદાર મુકાબલો જોવા મળ્યો હતો. પાકિસ્તાને રમતની સાતમી મિનિટે લીડ મેળવી, જ્યારે હન્નાન શાહિદ ઝડપથી ભારતીય સર્કલમાં પહોંચી ગયો અને અહેમદ નદીમને પાસ આપ્યો. નદીમે ભારતીય ગોલકીપર ક્રિષ્ના બહાદુર પાઠકને ડોચ કરીને ગોલ કર્યો હતો. લગભગ ૬ મિનિટ બાદ ભારતીય કેપ્ટન હરમનપ્રીત સિંહે પેનલ્ટી કોર્નરથી ગોલ કરીને બરાબરી કરી હતી. બીજો ક્વાર્ટર ભારતના નામે રહ્યો હતો, જેમાં હરમપ્રીત સિંહે પેનલ્ટી કોર્નર દ્વારા બીજો ગોલ કરવામાં સફળતા મેળવી હતી.

મેચના હાફ ટાઈમ સુધી ભારત ૨-૧થી આગળ રહ્યું હતું. ત્યારપછી ત્રીજા ક્વાર્ટરમાં પાકિસ્તાને બરાબરી કરવાનો પ્રયાસ કર્યો, જે દરમિયાન તેને કેટલાક પેનલ્ટી કોર્નર પણ મળ્યા. પરંતુ ભારતીય ડિફેન્સે આ તકોને નિષ્ફળ બનાવી દીધી હતી. ભારતીય ટીમને આ ક્વાર્ટરમાં ગોલ કરવાની તકો પણ મળી હતી, પરંતુ તે ફાયદો ઉઠાવી શકી નહીં. આ પછી ચોથા ક્વાર્ટરમાં બંને ટીમો એક પણ ગોલ કરી શકી ન હતી. વર્તમાન ટુર્નામેન્ટમાં ભારતીય હોકી ટીમની આ સતત પાંચમી જીત હતી. ભારતીય ટીમે અગાઉની મેચમાં કોરિયાને ૩-૧થી હરાવ્યું હતું. તે પહેલા ભારતે મલેશિયાને ૮-૧થી હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. આ પહેલા પણ ભારતીય હોકી ટીમે ચીનને ૩-૦ અને જાપાનને ૫-૦થી હરાવ્યું હતું. તાજેતરના સમયમાં પાકિસ્તાન સામે ભારતનો દબદબો યથાવત છે. ગયા વર્ષે હાંગઝોઉ એશિયન ગેમ્સમાં ભારતે પાકિસ્તાનને ૧૦-૨થી હરાવ્યું હતું. આ પહેલા ચેન્નાઈમાં એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતે પાકિસ્તાન પર ૪-૦થી જીત મેળવી હતી. જકાર્તામાં ૨૦૨૨ એશિયા કપમાં, યુવા ભારતીય ટીમે પાકિસ્તાન સાથે ૧-૧થી ડ્રો મેચ રમ્યો હતો, જ્યારે ૨૦૨૧ એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં, ભારતે પાકિસ્તાનને ૪-૩થી હરાવીને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ઉલ્લેખનીય છે કે, આ ટૂર્નામેન્ટમાં ભારત સહિત કુલ છ ટીમો ભાગ લઈ રહી છે. ગ્રુપ સ્ટેજમાં તમામ ટીમોએ પાંચ-પાંચ મેચ રમવાની છે. સેમીફાઈનલ અને ફાઈનલ અનુક્રમે ૧૬ અને ૧૭ સપ્ટેમ્બરે રમાશે. ભારત આ ટૂર્નામેન્ટમાં ચેમ્પિયન બનવા માટે પ્રબળ દાવેદાર છે. ભારતે ગયા વર્ષે હોમ ગ્રાઉન્ડ પર ટાઈટલ જીત્યું હતું, જેનાથી તે ટુર્નામેન્ટના ઈતિહાસમાં સૌથી વધુ ૪ ટાઈટલ જીતનારી ટીમ બની હતી. ભારતે આ મામલે પાકિસ્તાનને હરાવ્યું હતું, જેણે ત્રણ વખત ખિતાબ જીત્યો હતો. ભારત અને પાકિસ્તાન સિવાય માત્ર કોરિયાએ આ ટૂર્નામેન્ટ એક સમયે જીતી છે. કોરિયાએ ૨૦૨૧ની સિઝનમાં ટાઈટલ જીત્યું હતું

### કિસાન મોર્ચાનાં મહામંત્રી દીપક માલાણી દ્વારા

# સાવરકુંડલાનાં માર્કેટયાર્ડ ખાતે ભાજપ સદસ્યતાં નોંધણી કાર્યક્રમ યોજાયો

## ધારાસભ્ય મહેશ કસવાલા ઉપસ્થિત રહ્યા

અમરેલી, તા. ૧૪

ભારતીય જનતા પાર્ટી સદસ્યતા અભિયાન અંતર્ગત અમરેલી જીલ્લા કિસાન મોર્ચાના મહામંત્રી દિપકભાઈ માલાણી દ્વારા સાવરકુંડલા એ.પી.એમ.સી. ખાતે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની વિશેષ ઉપસ્થિતમાં સદસ્યતા નોંઘણી કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ. જેમાં એ.પી.એમ.સી. ચેરમેન દિપકભાઈ માલાણી અને ધારાસભ્ય મહેશભાઈ કસવાળા દ્વારા એ.પી.એમ.સી. ડીરેકટર કલ્પેશભાઈ ઠુંમ્મર, અશ્વીનભાઈ ઘડુક, હરેશભાઈ મશરૂ, વેપારી મહામંડળ પ્રમુખ સુરેશભાઈ ગજેરા, તેમજ તરૂણભાઈ




અકબરી, કેતનભાઈ રૂપારેલ, રાજેશભાઈ પટેલ, મનસુખભાઈ નાકરાણી, સહીત એ.પી.એમ.સી.ના વેપારીભાઈઓ, મજુરભાઈઓ, ખેડુતભાઈઓની સદસ્યતા નોંધણી કરી સદસ્યતા અભિયાનને આગળ ઘપાવ્યુ હતુ. તેમ સોશ્યલ મીડીયાના કન્વીનર સતીષ મહેતાની યાદી જણાવે છે.

### નેશનલ લોક અદાલત નિમિતે

# અમરેલી : જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન દ્વારા ૭૦.૯૦ લાખનાં કેસનો નિકાલ

## પરસ્પર સંમતિથી સમાધાન કરાવવામાં આવ્યું



અમરેલી, તા. ૧૪

નેશનલ લોક અદાલત નિમિત્તે જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન અમરેલીમાં રકમ રૂ. ૭૦,૯૦,૫૫૯/– ના રકમના કેસો નિકાલ કરવામાં આવેલ. રાષ્ટ્રીય લોક અદાલત નિમિત્તે ગ્રાહક તકરાર નિવારણ કમિશન અમરેલીમાં ગ્રાહકોના ૧૫ % જેવા કેસોમાં પક્ષકારો ની પરસ્પર સંમતિથી સમાધાન કરાવી અને પક્ષકારોને ઝડપી ન્યાય મળે એ હેતુથી પ્રમુખ અંજના ડી ગોસાઈ તથા મેમ્બર ડો. પ્રતીક્ષા એ ત્રિવેદી એ તથા વકીલઓ જે આર વાળા સેકેટરી તથા જે એમ ગોરખીયા, એમ જે સૈયદ, ચેતનભાઈ રાવળ, તેજસભાઈ ધોને, આર સી હીરાણી, એચ સી મજેઠીયા, જે કે સેંજલીયા, સુનિલ વ્યાસ, વિમલભાઈ પોપટ, પ્રિયા કરિયા, કે ડી રૂપારેલ, સલીમભાઈના પ્રયાસોથી લોક અદાલત સફળ બનાવવામાં આવેલ.

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પર્યાવરણ રક્ષણ પહેલને નાગરિકોએ વધાવી

# અમરેલી જીલ્લામાં એક પેડ મા કે નામ પહેલને અપાર આવકાર : ૭૮,૧૫૭ વૃક્ષનું વાવેતર

## વૃક્ષારોપણ માટે લોકોએ ભારે ઉત્સાહ દાખવ્યો

અમરેલી, તા.૧૪

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પર્યાવરણ રક્ષણ પહેલ એક પેડ મા કે નામ અમરેલી જિલ્લામાં અપાર આવકાર મળ્યો છે. આ અભિયાન અંતર્ગત જિલ્લામાં અત્યાર સુધીમાં લોકોએ વૃક્ષારોપણ માટે ભારે ઉત્સાહ દાખવતા ૭૮,૧૫૭ વૃક્ષનું વાવેતરનું વાવેતર થયું છે.

એક પેડ મા કે નામ અભિયાન અંતર્ગત શહેર અને ગ્રામ્ય વિસ્તારના જાહેર, ધાર્મિક અને પ્રવાસન સહિતના સ્થળો ઉપરાંત અમૃત સરોવર ખાતે પણ વિવિધ વૃક્ષોનું વાવેતર થયું છે. લોકો વૃક્ષ વાવેતરની સાથે વૃક્ષ ઉછેર માટે પણ સંકલ્પિત થયા છે.

અમરેલી જિલ્લાના ૧૧ તાલુકાઓમાં વાડી પ્રોજેકટ અને મનરેગા યોજના અંતર્ગત પણ વૃક્ષારોપણ થયું છે.

એક પેડ મા કે નામ અભિયાનને સફળ બનાવવા અને જન જન સુધી પહોંચાડી જનભાગીદારી વધારવા માટે અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું હતું. તેના પરિણામે મહત્તમ વૃક્ષ વાવેતર શકય બન્યું છે અને આ અભિયાન અંતર્ગત જિલ્લામાં વૃક્ષારોપણ શરૂ છે.

ઉલ્લેખનીય છે કે, ફળાઉ અને છાયાદાર સહિતના વૃક્ષના રોપાઓ સરળતાથી મળી રહે તે માટે અમરેલી જિલ્લામાં સામાજિક વનીકરણ હેઠળ જિલ્લામાં ૧૬ નર્સરી ખાતે રોપાઓ ઉપલબ્ધ છે. વધુમાં વધુ નાગરિકોને રોપાઓ મેળવી એક પેડ મા કે અભિયાનમાં જોડાવવા અનુરોધ છે.

### કાંકરીયા ચોરા વિસ્તારમાં

# બાબરા ખાતે જલજીલણી એકાદશીની ઉજવણી

## મોટી સંખ્યામાં ભકતજનો જોડાયા



તસ્વીર : પંકજ ઇન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૪

બાબરાના કાંકરિયા વિસ્તારના ગામના રામજી મંદિર દ્વારા જળજીલણી એકાદશીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અહીં ભગવાન શ્રી કૃષ્ણ (ઠાકરોજી)ને બાબરા ખાતે આવેલ પવિત્ર બ્રહ્મકુંડમાં સ્નાની કરાવી જળજીલાવી સ્નાન કરાવ્યું હતું. આ તકે મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતાં. અને કૃષ્ણ કીર્તન કરી વાતાવરણ ધર્મમય બન્યું હતું.

શાસ્ત્રી જીતુદાદા જોષીએ જણાવ્યું હતું કે ભાદરવા સુદ એકાદશી એટલે જળ જીલણી એકાદશી આજના દિવસે ભગવાન શયનમાંથી બહાર આવી સ્નાન કરી નગરજનોને દર્શન આપે છે માટે ભાવિકો રામજી મંદિરથી ભગવાનને કુવા નદી કે કોઈ પવિત્ર તીર્થ સ્થાન જળમાં સ્નાન કરાવી ભગવાન કૃષ્ણની નગરયાત્રા કાઢવામાં આવે છે જેમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા છે ધૂન ભજન અને કીર્તન સાથે નીકળેલી ભગવાનની યાત્રા ઘરે ઘરે પધારે છે અને લોકો ભગવાનનું ભવ્ય સ્વાગત કરી પૂજન અર્ચન કરે છે.

### યૌન શોષણ સાથે જોડાયેલા કેસનો મામલો

# ૫૦ દલિત પરિવારોનો દાણા-પાણીનો પુરવઠો બંધ

## મામલામાં દલિત પરિવારની યુવતી પીડિતા છે અને ઉચ્ચ જાતિના યુવકો પર આરોપો લગાવવામાં આવ્યા છે

કર્ણાટક, તા.૧૪

દેશમાં આજે પણ જાતિવાદના નામે લોકો એકબીજાની વચ્ચે લડે છે. મામલો સામાજિક બહિષ્કાર સુધી પહોંચે છે. આવી જ એક ઘટના સામે આવી છે. કર્ણાટકના એક ગામમાં ૫૦ દલિત પરિવારોનો બહિષ્કાર કરવામાં આવ્યો છે. તેમનું દાણા-પાણી બંધ કરી દેવાની જાહેરાત કરવામાં આવી છે. મામલો ઉચ્ચ અને દલિત જાતિ વચ્ચેના વિવાદનો છે.

દલિત પરિવારની યુવતી પીડિતા છે અને ઉચ્ચ જાતિના યુવકો પર આરોપો લગાવવામાં આવ્યા છે. યૌન શોષણ અને બળાત્કાર કેસની કલમો હેઠળ પોક્સો એક્ટનો કેસ નોંધવામાં આવ્યો છે. જેના કારણે સોસાયટીમાં રહેતા ઉચ્ચ વર્ગના પરિવારોએ પીડિત યુવતીના પરિવાર અને તેના સમાજના લોકોનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી હતી. અધિકારીઓ વિવાદને ઉકેલવા અને બહિષ્કારને ઉલટાવી લેવા માટે બંને પક્ષો વચ્ચે મધ્યસ્થી કરી રહ્યા છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર મામલો યાદગીર જિલ્લાનો છે. ૨૩ વર્ષીય યુવક પર ૧૫ વર્ષની સગીર છોકરીનું યૌન શોષણ અને બળાત્કાર કરવાનો આરોપ છે. યુવક સમાજના ઉચ્ચ વર્ગમાંથી છે. સગીર યુવતીના માતા-પિતા દ્વારા યુવક સામે જાતીય સતામણીની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. મેડિકલ તપાસ બાદ બાળકી ૫ મહિનાની ગર્ભવતી હોવાની પુષ્ટિ થઈ હતી અને પોલીસે બળાત્કારની કલમો હેઠળ કેસ નોંધ્યો હતો. પોલીસે આરોપી યુવકની ધરપકડ પણ કરી હતી, કારણ કે પીડિતાના પરિવારજનોનો આરોપ છે કે યુવકે તેમની દીકરીને લગ્નના બહાને ફસાવી હતી અને તેનો ફાયદો ઉઠાવીને તેને ગર્ભવતી બનાવી હતી. હવે તેઓ સમાજમાં પોતાનો ચહેરો બતાવવા માટે યોગ્ય નથી. બીજી તરફ યુવકની ધરપકડથી તેના પરિવારજનો અને સમાજના સભ્યોમાં રોષ ફેલાયો હતો. યાદગીર એસપી સંગીતાએ કહ્યું કે તેઓ ગામમાં શાંતિ સ્થાપવાના પ્રયાસો કરી રહ્યા છે.

એસપી સંગીતાએ કહ્યું કે તેમણે ગામના વડીલોને બહિષ્કાર જેવી અમાનવીય પ્રથાઓથી દૂર રહેવા વિનંતી કરી. છોકરીએ ઓગસ્ટની શરૂઆતમાં તેના માતાપિતાને જણાવ્યું હતું કે તે કદાચ ૫ મહિનાની ગર્ભવતી છે અને તેમને છોકરા વિશે પણ જણાવ્યું હતું. જ્યારે યુવતીના પરિવારે યુવકને તેની સાથે લગ્ન કરવાનું વચન પાળવાનું કહ્યું ત્યારે તેના પરિવારજનોએ યુવતીને સ્વીકારવાની ના પાડી દીધી હતી.સગીરના માતા-પિતાએ ૧૨ ઓગસ્ટે પોક્સો એક્ટ હેઠળ કેસ દાખલ કર્યો હતો. યાદગીર બેંગલુરુથી લગભગ ૫૦૦ કિલોમીટર દૂર છે. ફરિયાદ બાદ ગામના ઉચ્ચ જ્ઞાતિના લોકોએ યુવતીના માતા-પિતાને વાતચીત માટે બોલાવ્યા હતા, પરંતુ તેઓ ગયા ન હતા. ૧૩ ઓગસ્ટના રોજ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી અને તેને ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો. આનાથી નારાજ થઈને ગામના ઉચ્ચ જાતિના નેતાઓએ ૨૫૦ દલિતોનો બહિષ્કાર કર્યો.

# યોગીના અંગત સચિવ હોવાનો ઢોંગ કરનાર આરોપીની ધરપકડ

## આરોપી મુખ્યમંત્રી યોગીનો ખાનગી સચિવ હોવાનો દંભ કરીને ઓનલાઈન જુગાર પણ ચલાવતો હતો

લખનૌ, તા.૧૪

ઉત્તર પ્રદેશ પોલીસની સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF)એ મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથના અંગત સચિવ હોવાનો ઢોંગ કરીને છેતરપિંડી કરનાર ફારુક અમાનની અહીંના કમતા તિરાહેથી ધરપકડ કરી છે. STFએ શુક્રવારે આ જાણકારી આપી હતી. STF દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, રાજ્યના મુખ્યમંત્રીના ખાનગી સચિવ હોવાનો દંભ કરીને છેતરપિંડી અને ઓનલાઈન જુગાર ચલાવવામાં સામેલ ગેંગના મુખ્ય સભ્ય ફારૂક અમાનની ગુરુવારે મોડી રાત્રે ધરપકડ કરવામાં આવી હતી. તે એક એવી ગેંગ સાથે સંબંધિત છે જે સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરવા પૈસા લે છે અને ઓનલાઈન જુગાર ચલાવે છે.

૨૬ વર્ષીય આરોપી ફારૂક અમાન આઝમગઢના સહરિયાં ગામનો છે. તેના કબજામાંથી બે મોબાઈલ ફોન, આધાર કાર્ડ, 'વર્ક પ્રિન્ટ આઉટ' સહિત ઘણા દસ્તાવેજો મળી આવ્યા છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, STFને એવી માહિતી મળી રહી છે કે મુખ્યમંત્રીના અંગત સચિવ તરીકે નકલી વ્હોટ્સએપ એકાઉન્ટ બનાવવામાં આવ્યું છે, જેમાં ઉચ્ચ અધિકારીઓના સીયુજી નંબરો જોડાયેલા છે અને અધિકારીઓને લોબી કરવા માટે લોકો પાસેથી પૈસા લેવામાં આવી રહ્યા છે સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરવાની ઓફર કરવામાં આવે છે. આ કામ સંગઠિત રીતે કરવામાં આવ્યું હતું.

તપાસ દરમિયાન ખબર પડી કે, આ કૃત્ય કરનાર ગેંગ લીડરનો મુખ્ય સહયોગી ફારૂક અમાન લખનઉમાં હાજર છે. આ માહિતીના આધારે ટીમે ગુરુવારે મોડી રાત્રે કમતા તિરાહા અવધ બસ સ્ટેન્ડ નજીકથી ફારૂક અમાનની ધરપકડ કરી હતી. ધરપકડ કરાયેલા આરોપી પર લખનઉના થાના સાયબર ક્રાઈમ કમિશ્નરેટમાં ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો અને આઈટી એક્ટની જોગવાઈઓ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. આ અંગે સ્થાનિક પોલીસ દ્વારા આગોતરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, આ પહેલીવાર નથી કે જ્યારે કોઈ રાજનેતાનો અધિકારી હોવાનું નાટક કરીને છેતરવામાં આવે. આ પહેલા પણ આવી ઘટનાઓ સામે આવી ચુકી છે.

### સાંસદ સુતરીયા અને ધારાસભ્ય તળાવીયા દ્વારા

# લાઠીનાં મતીરાળા ગામે પ્રાથમિક શાળા અને કોમ્પ્યુટર લેબનું લોકાર્પણ

## રૂપિયા ૫૧.૭૫ લાખનો ખર્ચ થયો

અમરેલી, તા.૧૪

લાઠી તાલુકાનાં મતીરાળા ગામે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત મતીરાળા પ્રાથમિક શાળા માટે સરકારશ્રીનાં શિક્ષણ વિભાગ દ્વારા અંદાજે ૪૮ લાખના ખર્ચે નવું બિલ્ડીંગ જેમાં ૪ રૂમો તેમજ રૂા.૩.૭૫ લાખનાં ખર્ચે ૧૫ કોમ્પ્યુટર સેટ સાથે અત્યાધુનિક કોમ્પ્યુટર લેબ બનાવવામાં આવેલ આ નવનિર્મિત થયેલ બિલ્ડીંગ જેમાં ૪ રૂમો તેમજ રૂા.૩.૭૫ લાખનાં ખર્ચે ૧૫ કોમ્પ્યુટર સેટ સાથે અત્યાધુનિક કોમ્પ્યુટર લેબ બનાવવામાં આવેલ આ નવનિર્મિત થયેલ બિલ્ડીંગ તેમજ કોમ્પ્યુટર લેબ સાથે શાળામાં બાળકોને ડિજિટલ અને ટેકનોલોજી વાળુ શિક્ષણ મળી રહે તે માટે સુવિદા સભર બિલ્ડીંગ સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આપવામાં આવેલ છે. આ નવનિર્માણ પામેલ અત્યાધુનિક સુવિધા સંભર બિલ્ડીંગ તેમજ કોમ્પ્યુટર લેબનું લોકાર્પણ લોકપ્રિય અને સતત પ્રયત્નશીલ લાઠી બાબરાનાં ધારાસભ્ય જનકભાઈ તળ ાવીયાના વરદ હસ્તે કરવામાં આવેલ હતું.

આ મતીરાળા પ્રાથમિક શાળાનાં નવનિર્મિત થયેલ બિલ્ડીંગ તેમજ કોમ્પ્યુટર લેબનાં લોકાર્પણ પ્રસંગે મહાનુભાવો તેમજ ઉદ્યોગપતિની પણ વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

આ લોકાર્પણ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવિયા દ્વારા જણાવવામાં આવેલ કે શિક્ષણએ પાયો છે. જેમ કોઈ ઈમારતને ઉભી કરવા માટે પાયો મજબુત જોઈએ તેમ બાળકને ઘડવા માટે શિક્ષણ આપવું એ બાળકના ઘડતરનો પાયો છે. બાળકને શ્રેષ્ઠ શિક્ષણ મળી રહીને માટે અને



વિદ્યાર્થીઓ માટે શ્રેષ્ઠ શિક્ષણ મળી રહે અને આધુનિક સુવિધાઓ સભર શાળાઓ બને અને પ્રાથમિક શિક્ષણથી જ ટેકનોલોજીવાળુ શિક્ષણ મળી રહે તે માટે કોમ્પ્યુટર વગેરે સુવિધાઓ સભર શિક્ષણ મળી રહે તે માટે આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાત રાજયનાં મૃદુ અને મકકમ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અથાંગ પ્રયત્નો કરી રહયાં છે.

મતીરાળા પ્રાથમિક શાળ ા બિલ્ડીંગ તેમજ કોમ્પ્યુટર લેબના લોકાર્પણ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ચેરમેન પ્રતિનિધિ ભીખાભાઈ ધોરાજીયા, તાલુકા પંચાયતનાં કારોબારી ચેરમેન પ્રતીનીધી હીમતભાઈ એવીયા, જિલ્લા ભાજપનાં મગનભાઈ કાનાણી, રામભાઈ સાનેપરા, જિલ્લા પંચાયત સદસ્ય જીતુભાઈ ડેર, સુરેશભાઈ પાથર, લાઠી માર્કેટીંગ યાર્ડનાં ચેરમેન દકુભાઈ પડસાળા, તાલુકા પંચાયતના રાકેશભાઈ સોરઠીયા, ચીરાગભાઈ પરમાર, કીશાન મોચરચાના કાળુભાઈ દુધાત, ગ્રામ પંચાયતના સરપંચ વજુભાઈ નવાપરીયા, પુર્વ સરપંચ, તલાટી કમ મંત્રી ગ્રામ પંચાયતના તમામ સભ્યઓ, તાલુકા શિક્ષણ વિભાગનાં અધિકારીઓ, કર્મચારીઓ, પ્રાથમિક શાળાનાં આચાર્ય, શાળાનો સમગ્ર શિક્ષક સ્ટાફ, ગામનાં તમામ આગેવાનો, ઉદ્યોગપતિ, શાળાનાં બાળકો સહિત ગ્રામજનો બહોળી સંખ્યામાં હાજર રહયા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા મતીરાળા પ્રાથમિક શાળ ાનાં આચાર્ય તેમજ શાળાનાં સમગ્ર સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

# મણિપુર હિંસા મુદ્દે મોદી સરકારના મોઢામાં દહીં જામી જાય છે : UBT

મુંબઈ, તા.૧૪

મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી પહેલા રાજકારણ ગરમાયું છે. વિપક્ષી જૂથ એમવીએ સતત સરકાર પર પ્રહાર કરી રહ્યું છે. હવે શિવસેના (ઉદ્ધવ જૂથ)એ NDAની કેન્દ્ર સરકાર પર આકરા પ્રહાર કર્યા છે. શિવસેના (UBT)એ પોતાના 'મુખપત્ર' સામના દ્વારા મણિપુર હિંસા પર પીએમ મોદી અને ભાજપ પર નિશાન સાધ્યું છે. સામના દ્વારા શિવસેના (UBT)એ મોદી સરકાર પર મણિપુર હિંસાને રોકવામાં નિષ્ફળ રહેવાનો આરોપ લગાવ્યો છે.સામનામાં શિવસેના (UBT)એ કહ્યું કે, મોદી સરકાર રશિયા-યુક્રેન યુદ્ધ રોકવા માટે ભરપૂર પ્રયાસ કરી રહી છે પરંતુ મણિપુરમાં સતત થઈ રહેલી હિંસા પર કોઈ નક્કર પગલાં નથી લઈ રહી. તેમાં એમ પણ કહેવામાં આવ્યું કે, મણિપુર હિંસા મુદ્દે મોદી સરકારના મોઢામાં દહીં જામી જાય છે. સામના મુખપત્રમાં કહેવામાં આવ્યું કે, છેલ્લા દોઢ વર્ષથી મણિપુર હિંસાની લપેટમાં છે, પરંતુ કેન્દ્ર અને રાજ્ય સરકાર કંઈ નથી કરી રહી. હિંસામાં ૨૦૦થી વધુ લોકોના મોત થઈ ચૂક્યા છે. કેન્દ્ર સરકારે જનતાને બીરેન સિંહ અને આસામ ભાગી ગયેલા રાજ્યપાલ લક્ષ્મણ પ્રસાદ આચાર્યના હવાલે કરી દીધી છે.





## જસદણ મોક્ષધામમાં મેલીવિદ્યા, ભૂત-પ્રેતને અપાયો અગ્નિદાહ

# દુનિયામાં ભૂત-પ્રેત, ડાકણ, ચુડેલનું અસ્તિત્વ નથી : વિજ્ઞાન જાથા

**મેલીવિદ્યા, આસુરી શકિતનું ખંડન કરતા ૪૫૦ છાત્ર-છાત્રાઓ**

**મશાલ, ભૂત-પ્રેતનું સરઘસ કાઢી અગ્નિદાહ આપી અંધશ્રધ્ધાને જાકારો આપ્યો**

**ચમત્કારિક પ્રયોગોનું નિદર્શન કરી શીખડાવી દેવામાં આવ્યા**

**શહેરનાં જિજ્ઞાસુઓ, ગ્રામજનોએ હાજરી આપી**



અમદાવાદ, તા. ૧૪

રાજકોટ જિલ્લાના જસદણ મોક્ષધામમાં સૌરાષ્ટ્ર પટેલ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના એસ.પી.એસ. સંકુલના ૪૫૦ છાત્ર-છાત્રાઓએ સ્મશાનમાં સદીઓ જુની માન્યતા, કુરિવાજો, પરંપરાઓ, અંધવિશ્વાસનું ખંડન કરી વૈજ્ઞાનિક મિજાજના દર્શન કરાવ્યા હતા. મેલીવિદ્યાની નનામી, અગોચર શકિત, આસુરી શકિત, ભૂત-પ્રેત, ડાકણ, ચૂડેલનો ભય, ભ્રામકતાને સામુહિક અગ્નિદાહ આપવામાં આવ્યો હતો. સ્મશાનમાં દિવાળી જેવો માહોલનું સર્જન થયું હતું. વિજ્ઞાન સુત્રોથી લોકોના દિલ જીતી લીધા હતા.

કાર્યક્રમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદ્દઘાટન ટ્રસ્ટના કમલેશભાઈ હિરપરા, મોક્ષધામના જે.ડી. ઢોલરીયા, ધીરૂભાઈ સાયાણી, મનજીભાઈ પટેલ, ધર્મેશભાઈ કલ્યાણી, કેવલભાઈ હિરપરા સહિત આગેવાનોની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

સ્વાગત પ્રવચન, પરિચય ટ્રસ્ટી કમલેશભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર









## સંજયભાઈ ચિનીલાલ બીંદ નામનાં સાવરકુંડલાનાં ખોડિયાર ચોકમાં રહેતા યુવકે કોઈ અગમ્ય કારણોસર ઝેર ગટગટાવી લીધુ

અમરેલી, તા. ૧૪

સાવરકુંડલાના હાથસણી રોડ ઉપર આવેલ લુહાર સોસાયટી ખોડીયાર ચોકમાં રહેતા સંજયભાઈ ચિનીલાલબીંદનામનાં ૩૪યુવકેતા. ૧૨ ના આશરે રાત્રે ૯:૧૫ વાગ્યે કોઈ અગમ્ય કારણોસર પોતે પોતાની મેળે અનાજમાં નાખવાની ઝેરી દવા પી જતા સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## ટીંબીમાં જુગાર રમતાં પાંચ પત્તાપ્રેમીઓ ઝડપાયા

અમરેલી, તા. ૧૪

જાફરાબાદ તાલુકાના ટીંબી ગામે રહેતા અલ્પેશભાઈ નાથાભાઈ ભાલાળા, વિજયભાઈ પોપટભાઈ કલસરીયા, ગોકુલભાઈ સીસાભાઈ કલસરીયા, અનિભાઈ કાળુભાઈ કલસરીયા તથા ભરતભાઈ દિલીપભાઈ હરીયાણી (રહે. મહોબતપરા, તા. ગીર ગઢડા) સહિતના પાંચેય ઈસમો ટીંબી ગામે મોટા માણસા રોડ ઉપર જીયાંશી ગડદીની બાજુમા તા. ૧૩ ના રોજ જાહેરમાં પૈસા વડે તીનપતીનો હારજીતનો જુગાર રમતા હોય. આ અંગે પોલીસને બાતમી મળતા દરોડો પાડી રોકડ રકમ રૂપિયા ૧૩,૨૨૦ તથા તથા હાથબત્તી નંગ-૧ કિંમત રૂપિયા ૫૦ મળી કુલ રૂપિયા ૧૩,૨૭૦ ના જુગાર લગત મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતાં.

## ચૂંટણી જીતવા માટે જનતાને હથેળીમાં ચાંદ બતાવીને નરેન્દ્ર મોદીએ ખાતમુર્હુત કરેલ ''કલ્પસર'' યોજનાનો ડ્રીમ પ્રોજેક્ટ આજે મરણ પથારીએ

**કોંગી અગ્રણી મનહર પટેલનાં શાબ્દિક પ્રહારો**

અમદાવાદ, તા. ૧૪

આજે ભાવનગર કે સૌરાષ્ટ્રને કલ્પસર યોજનાની ખુબ જરૂર છે ત્યારે સપના દેખાડીને આવી આશાસ્પદ યોજનાને ટલ્લે ચડવવાના કરસ્તાન પાછળ કોણ છે? આજે આ યોજના પાછળ રાજયની તેજુરીમાંથી કરોડોના ખર્ચે થઈ રહ્યો છે અને સર્વેના કામમાં એક પેઢી જેટલો સમય કેમ વિત્યો? સાહેબના ડ્રીમ પ્રોજેકટ ઉપર ભાજપા સરકારને કોઈ ગંભીરતા નથી.?

દેશના પહેલા વડાપ્રધાન પંડીત જવાહરલાલ નહેરૂએ સરદાર પટેલનુ નામ જોડીને ગુજરાતની જીવાદોરી નર્મદા યોજનાનુ ખાતમુહર્ત કરેલ. ત્રણ રાજયોની આ યોજનાને વિલંબમા નાખવાની ખુબ યોજનાઓ તત્કાલિન વિપક્ષની મહેરબાનીથી થયેલ પરંતુ એ પુર્ણ થઈ અને ગુજરાતની જનતા માટે ન ભુતો ન ભવિષ્યતી જેવી રાષ્ટ્રીય યોજના કોંગ્રેસના નેતાઓની દિર્ઘદ્રષ્ટીથી સાકાર થઈ છે. સામાન્ય સવાલ અનેક ગુજરાતીઓને થાય છે કે કોંગ્રેસને બદનામ કરનારી ભાજપાની સલ્તનતને તેના ૨૭ વર્ષમા કેમ કયારેય આવી કોઈ એક મોટી સિંચાઈ યોજનાનો પાયો નાખવાનો વિચાર ન આવ્યો? નર્મદામાં અનેક ખામી અને ખોટ કાઢીને રોડા નાખનારી ભાજપા સલ્તનત એક રાજયને લાગુ પડતી કલ્પસર યોજના માટે કેમ કોઈ શબ્દ બોલવા તૈયાર નથી.?

થોડી હકીકત જનતાની સામે મુકવા માંગુ છુ કે, ભાવનગરના ગુંદાળાથી ભરૂચના દેવલા ગામ સુધીના ખંભાતના અખાતના દરીયાની ખાડીનો ૧૮ કીમી લાંબો પુલ બાંધવાની યોજના ૧૯૯૦માં મંજુર થઈ ગઈ હતી, તત્કાલિન ગુજરાતની કોંગ્રેસની સરકારે સર્વેક્ષણો અને ટેકનિકલ ચકાસણી બાદ ૬૧૧ કરોડના ખર્ચવાળા આ પ્રોજેકટને કેન્દ્રીય આયોજન પંચે રોડ કમ રેલ્વેની

અનુસંધાન પાના ૬ ઉપર





૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ

**65,700/-**
(૧૦ ગ્રામ)

રહેલ તા. ૧૪/૦૯/૨૦૨૪ ના રોજ

હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬





*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)